truedeal.me



# શ્રી સત્યનારાયણની કથા

## અનુક્રમણિકા



| ક્રમ | નામ | પાના નં. |
|---|---|---|
| ૧. | શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત | ૩ |
| ૨. | શ્રી સત્યનારાયણ ભગવાનની પૂજન વિધિની સામગ્રી | ૫ |
| ૩. | શ્રી સત્યનારાયણ ભગવાનની કથાની પૂજન વિધિ | ૫ |
| ૪. | દેવોને નમસ્કાર કરવા | ૮ |
| ૫. | શ્રી ગણપતિજીનું સ્મરણ | ૮ |
| ૬. | કળશપૂજન, દીપપૂજન, ગણપતિપૂજન વગેરે | ૯ |
| ૭. | શ્રી સત્યનારાયણની કથા - અધ્યાય પહેલો - વ્રત-વિધિ | ૨૦ |
| ૮. | અધ્યાય બીજો - નિર્ધન બ્રાહ્મણની તથા કઠિયારાની કથા | ૨૬ |
| ૯. | અધ્યાય ત્રીજો - સાધુ વાણિયાની કથા | ૩૨ |
| ૧૦. | અધ્યાય ચોથો - સાધુ વાણિયાની કથા ( ચાલુ ) | ૪૨ |
| ૧૧. | અધ્યાય પાંચમો - રાજા તુંગધ્વજની કથા | ૫૧ |
| ૧૨. | શ્રી સત્યનારાયણ ભગવાનની પ્રાર્થના | ૫૭ |
| ૧૩. | શ્રી સત્યનારાયણ ભગવાનનો થાળ | ૫૮ |
| ૧૪. | શ્રી સત્યનારાયણ ભગવાનની આરતી-૧ | ૫૮ |
| ૧૫. | શ્રી સત્યનારાયણ ભગવાનની આરતી-૨ | ૬૦ |
| ૧૬. | કથા પૂરી થયા બાદનું ઉત્તર પૂજન | ૬૦ |
| ૧૭. | શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર- શ્રી વિષ્ણુ સહસ્રનામાવલિ | ૬૨ |

truedeal.me



## ત્રણ પૂર્ણિમા - પૂનમોનું અજોડ વ્રત એટલે

# શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત

- ❒ શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત દર પૂનમે કરવું. ત્રણ પૂમનો વ્રત કરવાથી મનની તમામ કામનાઓ પૂર્ણ થાય છે.
- ❒ વ્રત કરનારે શ્રી સત્યનારાયણ ભગવાનની વ્રતકથા સવારતી માંડીને સાંજ સુધીમાં ગમે ત્યારે એક વાર વાંચવી.
- ❒ શ્રી સત્યનારાયણ ભગવાનની વ્રતકથાનું વાંચન વાર્તારૂપે વાંચવાથી, સાંભળવાથી અતિ લાભ થાય છે.
- ❒ દર પૂનમના દિવસે નાહી ધોઈ, ભગવાનનુંનામ લઈ, આખો દિવસ ઉપવાસ કરવો. અને સત્ય બોલવાનો વ્રત રાખવું.
- ❒ શ્રી સત્યનારાયણ ભગવાનની વ્રતકથાના વાંચન પછી શીરાનો મહાપ્રસાદ ભગવાનને ધરાવવો, ઘરમાં સૌ કોઈએ સાથે બેસી આરોગવો.
- ❒ દર પૂનમના દિવસે પવિત્ર ભાવના રાખી દરેક સાથે સદ્-વ્યવહાર કરવો.
- ❒ વ્રત કરનારનું વ્રત ત્રણ પૂનમોનું વ્રત ફળે તો આ પુસ્તકની પાંચ, સાત. કે અગિયાર પુસ્તકની લ્હાણી કરવી. બીજા લોકોને શ્રી સત્યનારાયન ભગવાનનું વ્રત કરવાની પ્રેરણા આપવી.
- ❒ જે કોઈ શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત કરે છે તેઓ આજીવન સુખી, સમૃદ્ધ અને શરીરે તંદુરસ્ત રહે છે. પૂર્ણ આસ્થાથી આ વ્રત કરનારનો કોઈ વાળ પણ વાંકો કરી શકતો નથી.
- ❒ આ વ્રત કરવાથી આજીવન સત્ય બોલવાની પ્રેરણા મળે છે અને કદી મોંમાંથી અસત્ય વચનો બોલી શકાતા નથી.
- ❒ 'સત્ય એ જ પરમેશ્વર.' એમ સમજી વ્રત કરવાથી કાયાનું કલ્યાણ થાય છે અને સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ઐશ્વર્યમાં દિન-પ્રતિદિન વધારો થતો જાય છે.
- ❒ આ વ્રત રાજા હરિશ્ચંદ્રથી માંડીને મહાત્મા ગાંધીજી સુધીના અનેક મહાપુરુષો એ, સંત મહાત્માઓએ તથા ઉદ્યોગપતિઓએ કર્યા છે અને અઢળક પ્રસિદ્ધિ મેળવી છે. એવીજ પ્રસિદ્ધિ દરેક વ્રત કરનારને મળે છે.

truedeal.me



## શ્રી સત્યનારાયણની કથાનું મહાત્મ્ય

આખાય ભારત દેશમાં સત્યનારાયણની કથાનો મહિમા અનેરો છે. કાશ્મીરથી કન્યા-કુમારી સુધી ભગવાન સત્યનારાયણનો મહિમા ગવાય છે અને મહારાષ્ટ્રમાં તો આ કથા સાર્વજનિક ઉત્સવ રૂપે ઉજવાય છે. ગુજરાતમાં શ્રી સત્યનારાયણ ભગવાનનો પ્રચાર વ્યાપક છે. શ્રધ્ધાળુ લોકો ખૂબ જ શ્રધ્ધા, આદર અને અનેરા ઉમંગ સાથે આ વ્રતપૂજન અને કથા શ્રવણ કરે છે.

કથાના મહિમાનું કારણ એ છે કે, આ વ્રત કરવાથી ઓછામાં ઓછા પ્રયત્ને વધારેમાં વધારે ફળ પ્રાપ્તિ થાય છે. એટલું જ નહિ પણ જો કોઈ દરિદ્ર શ્રધ્ધાપૂર્વક વ્રત કરે છે તો તે દોલતવાન બને છે. કોઈ બંદી વ્રત કરે તો બંધન મુક્ત બને છે. ગમે એટલો માનવી ભયભીત હોય અને જો આ કથાનું માત્ર શ્રવણ યા પઠન કરે તો તરત જ ભયમુક્ત બની જાય છે. હા, સંતાન પ્રાપ્તિ માટે તો આ વ્રત અતિ લાભદાયી છે. આ વ્રત કરવાથી દરેકની મનોકામના પરિપૂર્ણ થાય છે. મોક્ષપ્રાપ્તિ પણ થઈ શકે છે.

આ વ્રત માટે ભગવાન શ્રી સત્યનારાયણે ઘણી જ સવલત આપી છે. પ્રથમ તો આ વ્રત કોઈ પણ જાતિના લોકો કરી શકે છે. એમાં નાત-જાતનું બંધન નથી. બીજું આ વ્રત કોઈ પણ ઉંમરની વ્યક્તિ કરી શકે છે. બાળકથી માંડીને વૃધ્ધ સુધીના. ઉંમરની કોઈ મર્યાદા નથી. ત્રીજું આ વ્રત નર, નારી કે બાળક કોઈપણ કરી શકે છે. આ વ્રત સાવ સાદું અને સીધું છે. આ વ્રત કરવા માટે સામગ્રી ઓછી હોય તો પણ ચાલે છે.

આ વ્રતમાં સૌથી વધારે પ્રસાદનો મહિમા છે. પ્રસાદ લેવાથી સુખ-શાંતિ અને વૈભવ પ્રાપ્ત થાય છે. પ્રસાદનો અનાદર કરનાર વ્યક્તિ દુઃખદાયી બને છે. આથી સત્યનારાયણ ભગવાનનું વ્રત શ્રધ્ધા પૂર્વક અને ઉમંગથી કરવાથી અને પ્રસાદ આરોગવાથી માનવીની દરેક મનોકામનાઓ અવશ્ય પૂરી થાય છે. ધન-વૈભવ, સુખ-શાંતિ અને ઐશ્વર્યનું સુખ મળે છે.

જગતના ત્રિવિધ તાપોને હરનારૂં શ્રી સત્યનારાયણનું આ પાવનકારી વ્રત ખાલી કરવાથી કોઈ ફાયદો નથી. તમારી શ્રધ્ધા, ભક્તિ, ભાવ, ઉમંગ અને ઉમળકો હોવો જરૂરી છે. શ્રધ્ધા અને ભક્તિપૂર્વક વ્રત કરવામાં આવે તો તે મનુષ્યની ધન-ધાન્ય અને અન્ય ઈચ્છાઓને પૂર્ણ કરે છે. શ્રી સત્યનારાયણની પૂજા અને મહાત્મ્યની કથાનું શ્રવણ કરવા માટે આપણામાં શ્રધ્ધા-ભક્તિ જોઈએ. બીજી કોઈ જરૂર નથી.

શ્રી સત્યનારાયણની કથા સાંભળનાર વ્યક્તિના સઘળા પાપો ધોવાઈ જાય છે અને તે મોક્ષનો અધિકારી બને છે.

truedeal.me



## શ્રી સત્યનારાયણ ભગવાનની પૂજનની વિધિની સામગ્રી

શ્રી સત્યનારાયણની કથા કરાવતી વખતે નીચે મુજબની સર્વ સામગ્રી તૈયાર કરવી.

બાજોઠ, મંડપ માટે ચાર કેળના પાન, શેરડી ના ચાર સાંઠા, આસોપાલવના પાંદડાંનું તોરણ, ત્રાંબાનો કળશ, ઘી, ગોળ, સત્યનારાયણ દેવનો ફોટો. ફોટો ન મળે તો ભગવાન વિષ્ણુની મૂર્તિ પણ ચાલે. ગણપતિની મૂર્તિ, તરભાણું, પાંચ પ્રકારના રત્નો. અગર તમને રત્નો ન મળે તો સોનાની વીંટી પણ ચાલે. છૂટું પરચુરણ, રૂપાનું નાણુ, ત્રાંબાનું નાણું, ત્રણ ફૂલના હાર, અબીલ, ગુલાલ, સિંદુર, ફૂલ, અગરબત્તી.

૨૫ સોપારી (નાની), ૨૫ નાગરવેલના દીંટા વાળા પાન, એક હજાર એક તુલસીનાં પાન. ત્રણ નાળિયેર, નાડાછડી, દુર્ગા, હળદરના ગાંઠિયા, ધૂપ, કપૂર, જનોઈના જોટા, ચોખા, ઘઉં, નારંગી, કેળા, દ્રાક્ષ, મોસંબી, શેરડી, દાડમ, ખારેક, કોપરૂં, બદામ, પિસ્તાં, એલચી, સુકી દ્રાક્ષ, શ્રી સત્યનારાયણના સ્નાન માટે પંચામૃત (દૂધ, દહીં, ઘી, મધ, સાકર) સફેદ, લાલ, રાતા કપડાંનો ટૂકડો, ધોતિયું, મંડપ, પ્રસાદમાં ઘી, દૂધ, ઘઉંનો લોટ, ખાંડ બધું જ સવાશેર. શીરો, ફળનો પ્રસાદ, નાડાછડી, ગણપતિને ધરાવવા માટે ગોળ તથા ધરો, આ સર્વ પૂજાની સામગ્રી પહેલાથી જ તૈયાર કરી રાખવી.

## શ્રી સત્યનારાયણ ભગવાનની કથાની પૂજનવિધિ

જે દિવસે સત્યનારાયણ ભગવાનની પૂજા તમારે કરવાની હોય, તે દિવસે સંપૂર્ણપણે ઘરની સાફ સફાઈ કરાવીને ઘરને ચોખ્ખું કરાવી નાખવું.

જે રૂમમાં પૂજનવિધિ કરાવવાની હોય તે રૂમની ભૂમિને પાણીથી ધોઈ, સ્વચ્છ કરવી. ઘરમાં પથ્થર કે ટાઈલ્સ હોય તો ચોખ્ખા પાણીનું પોતું કરવું.


તમારા ઘરની અંદર લીંપણ હોય તો પૂજન વિધિના કમરામાં છાણ-માટીથી લીંપણ કરી નાખવું. ત્યાર બાદ સત્યનારાયણ ભગવાનની પૂજા માટે બાજોઠ મૂકવો.

ઘરનું આંગણું પણ વાળી ઝૂડીને સાફ કરવું. કારણ કે આજુ બાજુના અને સંબંધિત લોકો કથા શ્રવણ કરવા આવે ત્યારે બેસી શકે. સ્વચ્છ ચાદર તથા આસનો પાથરવા. બારણે આસો પાલવના (ન મળે તો) આંબાના પાનનું તોરણ બાંધવું. આંગણાંમાં સાથિયો કરવો.

પૂજન સમયે નાહી-ધોઈને, સ્વચ્છ થઈને, સ્વચ્છ કપડાં પહેરવા. પોતાની

truedeal.me






પૂજાની સામગ્રી
તોરણ
ઉંબરો
પીપર
આંબો
પીપળો
વડ
શેરડી
પુષ્પો
નાડાછડી
શેરડી
૧૦૦૮ તુલસી પત્ર
કેળનાં
૪ પાન
ફૂલનાં ૩ હાર
કળશ
ત્રણ શ્રીફળ
ત્રાંબાનું
૨૫ નંગ પાન
૨૫ નંગ સોપારી
દોરો
પાંચ રત્નો
જનોઈ જોટા
હળદર
સોના મહોર
શ્રી વિષ્ણુ - લક્ષ્મીજી
ઘી
બાજઠ
ગોળ
લાલ સફેદ
કાપડના કટકા
દીપ
ધૂપ
કંકુ
અગરબત્તી
ધોતી
ચોખા
અબીલ
ગુલાલ
સિંદૂર
કપૂર
ઘઉં

truedeal.me




એલચી
બદામ
પિસ્તા
કોપરું
ખારેક
પ્રસાદ
શિરો
ફળોનો પ્રસાદ
સવાશેર ઘઉંનો રવો
સવાશેર ખાંડ
કેળાં
શેરડી
સવાશેર ઘી
સવાપાંચશેર દૂધ
દ્રાક્ષ
નારંગી
ચીકુ
દહિં
સાકર
દૂધ
ઘી
મધ
કેરી
દાડમ
મોસંબી

truedeal.me



પત્ની સાથે પૂર્વાભિમુખે અથવા ઉત્તરાભિમુખે આસન ઉપર બેસવું. પૂજા માટે લાવેલી સામગ્રી પોતાની નજીક રાખવી. ત્યાર બાદ કથાનું પઠન કરનાર બ્રાહ્મણ જેમ કહે તે મુજબ પૂજનની ક્રિયાઓ કરવી.

શ્રી કેશવાય નમઃ સ્વાહા. શ્રી સત્યનારાયણ નમઃ સ્વાહા. શ્રી માધવાય નમઃ સ્વાહા. એમ બોલી ત્રણ વખત આચમન લેવું. શ્રી ગોવિંદાય નમઃ સ્વાહા. બોલી હાથ ધોવા. ૐ વિષ્ણવે નમઃ બોલી પ્રાણાયામ કરવા. ત્યાર બાદ બ્રાહ્મણે યજમાનના કપાળે તિલક કરી શાંતિ પાઠ કરવા.

દ્યાવાન્તરિક્ષ પૃથિવીસલિલાની શાન્તિઃ શાન્તિઃ
સદામૃતવનૌષધયશ્ચા શાન્તિઃ
શાન્તિશ્ચ બ્રહ્મ નિખિલં નનુ વિશ્વદેવા શાન્તિઃ
સુશાન્તિરપિ સા પુનરેવ શાન્તિઃ ! શાન્તિઃ !! શાન્તિઃ !!!

## દેવોને નમસ્કાર કરવા

શ્રી ગણપતયે નમઃ । શ્રી લક્ષ્મીનારાયણાભ્યાં નમઃ ।
શ્રી ઉમામહેશ્વરાભ્યાં નમઃ । શ્રી સત્યનારાયણ દેવતાભ્યો નમઃ ।
શ્રી ઈષ્ટ દેવતાભ્યો નમઃ । શ્રી કુલદેવતાભ્યો નમઃ ।
સર્વેભ્યો દેવેભ્યો નમઃ । સર્વભ્યો બ્રાહ્મણેભ્યો નમો નમઃ ।
માતાપિતૃ ચરણકમલેભ્યો નમઃ । નિર્વિઘ્નમસ્તુ ।

## શ્રી ગણપતિજીનું સ્મરણ

સુમુખશ્ચૈકદન્તશ્ચ કપિલો ગજકર્ણક ।
લમ્બોદરશ્ચ વિકટો વિઘ્નનાશો ગણાધિપ ॥
ધૂમ્રકેતુર્ગણાધ્યક્ષો ભાલચન્દ્રો ગજાનન ।
દ્વાદશૈતાનિ નામાનિ યઃ પઠેછૃણુયાદપિ ॥
વિદ્યારમ્ભે વિવાહે ચ પ્રવેશે નિર્ગમે તથા ।
સંગ્રામે સંકટે ચૈવ વિઘ્નસ્તસ્ય ન જાયતે ॥
વક્રતુણ્ડ મહાકાય સૂર્યકોટિ સમપ્રભ ।
નિર્વિઘ્નં કુરુ મે દેવ સર્વકાયમુ સર્વદા ॥
વિનાયકં ગુરું ભાનું બ્રહ્માવિષ્ણુ મહેશ્વરાન્ ।
સરસ્વતી પ્રણમ્યાદૌ સર્વકાર્યાર્થસિદ્ધયે ॥

truedeal.me



ત્યાર બાદ યજમાનના જમણા હાથમાં ચંદન ચોખા, ફૂલ સાથે પાણી લઈ નીચે મુજબ સંકલ્પ કરવો :

અત્રાદ્ય મહામાંગલ્ય ફૂલપદે માસોત્તમે માસે માસે પક્ષે..વાસરે...તિથૌ એવં ગુણવિશેષણ વિશિષ્ટાયો શુભ્રપુણ્યતિથૌ મમાત્મનઃ દૂરિતક્ષયાર્થ શ્રી સત્યનારાયણ દેવવાપ્રીદ્દર્થ યથાજ્ઞાનેન યથામિલિતોપચાર દ્રવ્યૈઃ શ્રી સત્યનારાયણ પૂજનમહં કરિષ્યે ॥

## કળશપૂજન

ત્યારબાદ કળશને ચોખાની ઢગલી ઉપર મૂકી, તેમાં જળદેવ વરુણને બોલાવવા.

સર્વ સમુદ્રાઃ સરિતસ્તીર્થાનિ જલદા નદાઃ ।
આયાન્તુ દેવપૂજાર્થં દુરિતક્ષય કારકાઃ ॥
કલશસ્ય મુખે વિષ્ણુઃ કણ્ઠે રુદ્રઃ સમાશ્રિત ।
મૂલે તત્ર સ્થિતો બ્રહ્મા મધ્યે માતૃગણા સ્મૃતા ॥
કુક્ષૌ તુ સાગરાઃ સર્વ સપ્તદ્વીપા વસુન્ધરા ।
ઋગ્વેદોઽથ યજુર્વેદઃ સામવેદા હ્યથર્વણ ॥
અંગૈશ્ચ સહિતાઃ સર્વે કલશન્તુ સમાશ્રિતા ।
અસ્મિન્ કલેશ વરુણં સાગં સપરિવાર ।
સાયુધે સશક્તિ કમાવાહયામિ ॥

## દીપપૂજન

ત્યાર બાદ ઘીનો દીવો કરવો. પછી ચાર ખૂણે ચાર દીવીઓ પ્રગટાવવી.

ભો દીપ દેવરૂપસ્ત્વં કર્મસાક્ષી હ્યવિઘ્નકૃત ।
યાવત કર્મસમાપ્તિઃ સ્યાત્ તાવત્ ત્વં સંસ્થિરો ભવ ॥
દીપસ્થદેવતાભ્યો નમઃ । ગન્ધાક્ષતપુષ્પાણિ સમર્પયામિ ॥

## ગણપતિપૂજન

બાજઠની બાજુમાં સાદા પાટલા પર લાલ વસ્ત્ર પાથરી તેના ઉપર સવાશેર ઘઉં પાથરો. તેના ઉપર ત્રણ સોપારી મૂકી રિદ્ધિસિદ્ધિ સહિત ગણપતિને બોલાવવા.

truedeal.me



### ધ્યાન

શ્વેતાંગ શ્વેતવસ્ત્રં સિતકુસુમગણૈઃ પૂજિતં શ્વેતંગન્ધૈઃ
ક્ષીરાબ્ધૌ રત્નદીપૈઃ સુરનર તિલકં રત્નસિહાસનસ્થમ્
દોર્ભિઃ પાશાંકુશબ્જા અભયવરદ શદં યુતં ચન્દ્રમૌલિં ત્રિનેત્રં
ધ્યાયેત્ શાન્ત્યર્થમીશં ગણપતિમમલં શ્રીસમેતં પ્રસન્નમ્
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ, ધ્યાનં સમર્પયામિ ॥

### આવાહન

હે હેરંબ ત્વમેહ્યેહિ અંબિકાત્ર્યમ્બકાત્મજ ।
સિદ્ધબુદ્ધિપતે ત્ર્યક્ષ યક્ષલાભપતિઃ પ્રભો ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ આવાહનકરોમિ ॥

### આસન

રમ્યં સુશોભનં દિવ્યં સર્વસૌખ્યકરં શુભમ્ ।
આસનં ચ મયા દત્તં ગૃહાણ ગણનાયક ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ આસનં સમર્પયામિ ॥

### પગ ધોવા

ઉષ્ણોદકં નિર્મલં ચ સર્વસૌગન્ધસંયુતમ્ ॥
પ્રાદપ્રક્ષાલનાર્થાય દત્તં તે પ્રતિગૃહ્યતામ્ ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ પાદ્યં સમર્પયામિ ॥

### અર્ઘ્ય

અર્ઘ્યં ગૃહાણ દેવેશ ગન્ધ પુષ્પાક્ષતૈઃ સહ ।
કરુણાકર મે દેવ ગુહાણાર્ધ્યં નમોઽસ્તુ તે ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે હસ્તયો અર્ઘ્યં સમર્પયામિ ॥

### આચમન

સર્વતીર્થસમાયુક્તં સુગંધિ નિર્મલં જલમ્ ।
આચમ્યતાં મયા દત્તં ગૃહાણ પરમેશ્વર ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ આચમનં સમર્પયામિ ॥

truedeal.me



### સ્નાન

ગંગાસરસ્વતી રેવાપયોષ્ણીનર્મદા જલૈઃ ।
સ્નાનપિતોऽસિ મયા દેવ તથા શાન્તિ કુરુષ્વ મે ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ સ્નાનં સમર્પયામિ ॥

### દૂધ-સ્નાન

કામધેનુસમુદ્ભૂતં સર્વેષાં જીવનં પરમ્ ।
પાવનં યજ્ઞહેતુશ્ચ પયઃ સ્નાનાર્થસમર્પિતમ્ ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ પયસ્નાનં સમર્પયામિ ॥

### દહીં સ્નાન

પયસસ્તુ સમુદ્ભૂતં મધુરામ્લં શશિપ્રભમ્ ।
દધ્યાનીતં મયા દેવ સ્નાનાર્થં પ્રતિગુહ્યતામ્ ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ દધિસ્નાનં સમર્પયામિ ॥

### ઘી સ્નાન

નવનીતસમુત્પન્ન સર્વસન્તોષકારકમ્ ॥
ઘૃતં તુભ્યં પ્રદાસ્યામિ સ્નાનાર્થં પ્રતિગુહ્યતામ્ ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ ઘૃતસ્નાનં સમર્પયામિ ॥

### મધ સ્નાન

તરુપુષ્પસમુદ્ભૂતં સુસ્વાદુ મધુરં મધુ ॥
તેજઃ પુષ્ટિકરં દિવ્યં સ્નાનાર્થં પ્રતિગૃહ્યતામ્ ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ મધુસ્નાનં સમર્પયામિ ॥

### સાકર સ્નાન

ઈક્ષુસારસમુદ્ભૂતા શર્કરા પુષ્ટિકારિકા ॥
મલાપહારિકા દિવ્યા સ્નાનાર્થં પ્રતિગૃહ્યતામ્ ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ શર્કરાસ્નાનં સમર્પયામિ ॥

truedeal.me



### જળ સ્નાન

ગંગાજલસમં શીતં નદીતીર્થસમુદ્ભવમ્ ॥
સ્નાનાર્થં ચ મયા દત્તં ગૃહ્યતાં પરમેશ્વર ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ શુદ્ધોદકસ્નાનં સમર્પયામિ ॥

### વસ્ત્ર

સર્વભૂષાધિકે સૌમ્યે લોકલજ્જાનિવારણે ॥
મયોપપાદિતે તુભ્યં વાસસી પ્રતિગૃહ્યતામ્ ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ વસ્ત્રં સમર્પયામિ ॥

### જનોઈ

નવભિસ્તન્તુભિર્યુક્તં ત્રિગુણં દેવતામયમ્ ॥
ઉપવિતં મયા દત્તં ગૃહાણ પરમેશ્વર ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ યજ્ઞોપવીતં સમર્પયામિ ॥

### ગંધ

શ્રીખણ્ડં ચન્દનં દિવ્યં ગન્ધાઢ્યં સુમનોહરમ્ ॥
વિલેપનં સુરશ્રેષ્ઠ ચન્દનં પ્રતિગૃહ્યતામ્ ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ ચંદનં સમર્પયામિ ॥

### કંકુ

કુંકુમં કામનાદિવ્યં કામિન્ધાં કામસંભવમ્ ॥
કુંકુમેનાર્ચિતો દેવ પ્રીયતાં પરમેશ્વર ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ કુંકુમં સમર્પયામિ ॥

### ચોખા

અક્ષતાશ્ચ સુરશ્રેષ્ઠ કુંકુમાક્તાં સુશોભિતા ॥
મયા નિવેદિતા ભક્ત્યા ગૃહાણ પરમેશ્વર ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ અક્ષતાન્ સમર્પયામિ ॥

truedeal.me



## ફૂલ

માલ્યાદીનિ સુંગધીનિ માલત્યાદીનિ વૈ પ્રભો ॥
મયાનીતાનિ પુષ્પાણિ ગુહાણ પરમેશ્વર ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ પુષ્પાણિ સમર્પયામિ ॥

## તુલસી પત્ર

તુલસીં હેમરૂપાં ચ રત્નરૂપાં ચ મંજરીમ્ ॥
ભવમોક્ષપ્રદાં તુભ્યમર્પયામિ હરિપ્રિયામ્ ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ તુલસીદલાનિ સમર્પયામિ ॥

## સૌભાગ્ય દ્રવ્ય

અબીલમાયુષો વૃદ્ધિર્ગુલાલ પ્રીતિવર્ધનમ્ ॥
સિંદૂરેણ સમાયુક્તં ગૃહ્યાતામ્ પરમેશ્વર ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ સૌભાગ્યદ્રવ્યં સમર્પયામિ ॥

## ધૂપ

વનસ્પતિરસોદ્‌ભૂતો ગંધાઢ્યો, ગંધ ઉત્તમઃ ॥
આઘ્રેયઃ સર્વદેવનાં ધૂપોડયં પ્રતિગૃહ્યાતામ્ ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ ધૂપમ્ સમર્પયામિ ॥

## દીપ

સાજ્યં ચ વર્તિસંયુક્તં વહ્નિના યોજિતં મયા ॥
દીપં ગુહાણ દેવેશ ત્રૈલોક્યતિમિરાપહ ॥
શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ દીપં સમર્પયામિ ॥

## નમસ્કાર

વિઘ્નેશ્વરાય વરદાય સુરપ્રિયા લમ્બોદરાય સકલાય જગદ્ધિતાય નાગાનવાય શ્રુતિયજ્ઞવુભૂષિતાય ગૌરીસુતાય ગણનાય નમ નમસ્તે શ્રીસિદ્ધિબુદ્ધિસહિતમહાગણપતયે નમઃ નમસ્કારાનં સમર્પયામિ ॥

આ પ્રમાણે શ્રી મહાગણપતિનું આરંભનું પૂજન કરી હાથમાં જળ લઈ, સંકલ્પ મૂકી તેમને પ્રસન્ન કરવા.

truedeal.me



## પુણ્યાહવાચન

સામે ચોખાની ઢગલી કરી તેની ઉપર તાંબાનો કળશ મૂકવો.

### સ્પર્શ

હેમરૂપ્યાદિસંભૂતં તામ્રજં સુદૃઢ નવમ્ ।
કલશં ધૌતકલ્માષ છિદ્રવર્ણવિવર્જિતમ્ ॥

### પાણી

જીવનં સર્વજીવાનાં પાવનં પાવનાત્મકમ્ ।

### રેડવું

બીજં સર્વૌષધીનાં ચ તંજલે પૂરયામ્યહમ્ ॥

### લાલનાડું

સૂત્રં કાર્પાસસંભૂતં બ્રહ્મણા નિર્મિતં પુરા ।

### બાંધવું

યેન બદ્ધં જગત્સર્વં વેષ્ટનં કલશસ્ય ચ ॥

### અઘેડો-હરડે

દેવેભ્યઃ પૂર્વતો જાતા દેવેભ્યસ્ત્રિયુગં પુરા ॥

### કળશમાં નાખવાં

શતં તનું ચ યા બભ્રુર્જીવન જાવનાય ચ ॥

### પુષ્પ

વિવિધં પુષ્પ સંજાતે દેવાનાં પ્રીતિવર્ધનમ્ ।

### નાખવી

ક્ષિપ્તં યત્ કાર્યસંભૂતં કલશે પ્રક્ષિપામ્યહમ્ ॥

truedeal.me



**ધરો**

દુર્વં હ્યમૃતસંપન્ને શતમૂલે શતાંકુરે ।

**નાખવાં**

શવપાતકસંહર્ત્રી શતામયુષ્યવર્દ્ધિવી ॥

**પાંચજાતનાં**

અશ્વત્થાદુમ્બર પ્લક્ષચૂવન્યગ્રોધપલ્લવા ।

**પાન**

પંચભંગા ઈતિ પ્રોક્તાં સર્વકર્મસુ શોભના ॥
(પીપળો - ઉંબરો - પીપળ - આંબો - વડ આ પાંચ વૃક્ષનાં પાન લેવાં.)

**ધાન્ય**

ધાન્યૌષધિ મનુષ્યાણાં જીવનં પરમં સ્મૃતમ્ ।

**નાખવું**

ક્ષિમં યત્કાર્યસંભૂતં કલશે પ્રક્ષિપામ્યહમ્ ॥

**કળશ ઉપર**

પિધાનં સર્વવસ્તુનાં સર્વકાર્યાર્થસાધનમ્ ।

**શ્રીફળ**

સંપૂર્ણ કલશો યેન પાત્રે તત્ કલશોપરિ ॥

## સત્યનારાયણનું પૂજન

ચાંદી કે તાંબાની બનાવેલી ને પ્રાણપ્રતિષ્ઠા કરેલ મૂર્તિ સમક્ષ

**ધ્યાન**

શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં
વિશ્વાધારં ગગનસદેશં મેઘવર્ણં શુભાંગમ્ ।

truedeal.me



લક્ષ્મીકાન્તં કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યં
વન્દે વિષ્ણું ભવભયહરં સર્વલોકૈકનાથમ્ ॥

## આવાહન

આવાહયેત ત ગરુડોપરિસ્થિતંરમાર્ધદેહસુરરાજવન્દિતમ્ ।
કંસાન્તકં ચક્રગદાબ્જહસ્તંભજામિ દેવં વસુદેવસૂનુમ્ ॥
શ્રી સત્યનારાયણં નમઃ આહાવનં કરોમિ ॥

## આસન

રમ્યં સુશોભન દિવ્યં સર્વસૌખ્યકરં શુભમ્ ।
આસનં ચ મયા દત્તં ગૃહાણ પરમેશ્વર ॥
શ્રી સત્યનારાયણં નમઃ આસનં દદામિ ॥

## પગ ધોવા

ઉષ્ણોદકં નિર્મલં ચ સર્વસૌગન્ધ્યસંયુતમ્ ॥
પ્રાદ્રપ્રક્ષાલનાર્થાય દત્તં તે પ્રતિગૃહ્યતામ્ ॥
શ્રી સત્યનારાયણં નમઃપાદયોઃ પાદ્યં સમર્પયામિ ॥

## અર્ઘ્ય

અર્ઘ્યં ગૃહાણ દેવેશ ગન્ધપુષ્પાક્ષતૈઃ સહ ।
કરુણાકર મે દેવ ગુહાણાર્ધ્યં નમોઽસ્તુ તે ॥
શ્રી સત્યનારાયણં નમઃ હસ્તયો અર્ઘ્યં સમર્પયામિ ॥

## આચમન

સર્વતીર્થસમાયુક્તં સુગંધિ નિર્મલં જલમ્ ।
આચમ્યતાં મયા દત્તં ગૃહાણ પરમેશ્વર ॥
શ્રી સત્યનારાયણં નમઃ આચમનં સમર્પયામિ ॥

## સ્નાન

ગંગાસરસ્વતી રેવાપયોષ્ણીનર્મદા જલૈઃ ।
સ્નાનપિતોઽસિ મયા દેવ તથા શાન્તિ કુરુષ્વ મે ॥
શ્રી સત્યનારાયણં નમઃ સ્નાનં સમર્પયામિ ॥

truedeal.me



### દૂધ-સ્નાન

કામધેનુસમુદ્રભૂતં સર્વેષાં જીવનં પરમ્ ।
પાવનં યજ્ઞહેતુશ્રા પયઃ સ્નાનાર્થસમર્પિતમ્ ॥
શ્રી સત્યનારાયણં નમઃ પયસ્નાનં સમર્પયામિ ॥

### દહીં સ્નાન

પયસસ્તુ સમુદ્રભૂતં મધુરામ્લં શશિપ્રભમ્ ।
દધ્યાતીતં મયા દેવ સ્નાનાર્થં પ્રતિગૃહ્યતામ્ ॥
શ્રી સત્યનારાયણં નમઃ દધિસ્નાનં સમર્પયામિ ॥

### ઘી સ્નાન

નવનીતસમુત્પન્ન સર્વસન્તોષકારકમ્ ॥
ઘૃતં તુંભ્યં પ્રદાસ્યામિ સ્નાનાર્થં પ્રતિગૃહ્યતમ્ ॥
શ્રી સત્યનારાયણં નમઃ ઘૃતસ્નાનં સમર્પયામિ ॥

### મધ સ્નાન

તરુપુષ્પસમુદ્રભૂતં સુસ્વાદુ મધુરં મધુ ॥
તેજઃ પુષ્ટિકરં દિવ્યં સ્નાનાર્થં પ્રતિગૃહ્યતામ્ ॥
શ્રી સત્યનારાયણં નમઃ મધુસ્નાનં સમર્પયામિ ॥

### સાકર સ્નાન

ઈક્ષુસારસમુદ્રભૂતા શર્કરા પુષ્ટિકારિકા ॥
મલાપહારિકા દિવ્યા સ્નાનાર્થં પ્રતિગૃહ્યતામ્ ॥
શ્રી સત્યનારાયણં નમઃ શર્કરાસ્નાનં સમર્પયામિ ॥

### જળ સ્નાન

ગંગાજલસમં શીતં નદીતીર્થસમુદ્‌ભવમ્ ॥
સન્નાર્થં ચ મયા દત્તં ગુહ્યતાં પરમેશ્વર ॥
શ્રી સત્યનારાયણં નમઃ શુદ્ધોદકસ્નાનં સમર્પયામિ ॥

truedeal.me



### વસ્ત્ર

સર્વભૂષાધિકે સૌમ્યે લોકલજ્જાનિવારણે ॥
મયોપપાદિતે તુભ્યં વાસસી પ્રતિગૃહ્યતામ્ ॥
શ્રી સત્યનારાયણં નમઃ વસ્ત્રોપવસ્ત્રે સમર્પયામિ ॥

### જનોઈ

નવભિસ્તન્તુભિર્યુક્ત ત્રિગુણં દેવતામયમ્ ॥
ઉપવીતં મયા દત્તં ગૃહાણ પરમેશ્વર ॥
શ્રી સત્યનારાયણં નમઃ યજ્ઞોપવીતં સમર્પયામિ ॥

### ગંધ

શ્રીખણ્ડં ચન્દનં દિવ્યં ગન્ધાઢ્યં સુમનોહરમ્ ॥
વિલેપનં સુરશ્રેષ્ઠ ચન્દનં પ્રતિગૃહ્યતામ્ ॥
શ્રી સત્યનારાયણં નમઃ ચંદનં સમર્પયામિ ॥

### કંકુ

કુંકુમં કામનાદિવ્યં કામિન્યા કામસંભવમ્ ॥
કુંકુમેનાર્ચિતો દેવ પ્રીયતાં પરમેશ્વર ॥
શ્રી સત્યનારાયણં નમઃ કુંકુમં સમર્પયામિ ॥

### ચોખા

અક્ષતાશ્ચ સુરશ્રેષ્ઠ કુંકુમાક્તાં સુશોભિતા ॥
મયા નિવેદિતા ભક્ત્યા ગૃહાણ પરમેશ્વર ॥
શ્રી સત્યનારાયણં નમઃ અક્ષતાન્ સમર્પયામિ ॥

### ફૂલ

માલ્યાદીનિ સુંગધીનિ માલત્યાદીનિ વૈ પ્રભો ॥
મયાનીતાનિ પૂજાર્થં પુષ્પાણિ પ્રતિગૃહ્યતામ્ ॥
શ્રી સત્યનારાયણં નમઃ પુષ્પાણિ સમર્પયામિ ॥

truedeal.me



## તુલસી પત્ર

તુલસીં હેમરૂપાં ચ રત્નરૂપાં ચ મંજરીમ્ ॥
ભવમોક્ષપ્રદાં તુભ્યમર્પયામિ હરિપ્રિયામ્ ॥
શ્રી સત્યનારાયણં નમઃ તુલસીદલાનિ સમર્પયામિ ॥

## સૌભાગ્ય દ્રવ્ય

અબીલમાયુષો વૃદ્ધિર્ગુલાલ પ્રીતિવર્ધનમ્ ॥
સિંદુરેણ સમાયુક્તં ગૃહ્યાતામ્ પરમેશ્વર ॥
શ્રી સત્યનારાયણં નમઃ સૌભાગ્યદ્રવ્યં સમર્પયામિ ॥

## ધૂપ

વનસ્પતિરસોદ્‌ભૂતો ગંધાઢ્યો ગંધ ઉત્તમઃ ॥
આઘ્રેયઃ સર્વદેવાનાં ધૂપોઽયં પ્રતિગૃહ્યાતામ્ ॥
શ્રી સત્યનારાયણં નમઃ ધૂપમ્ સમર્પયામિ ॥

## દીપ

સાજ્યં ચ વર્તિસયુક્તં વહ્નિના યોજિતં મયા ॥
દીપં ગુહાણ દેવેશ ત્રૈલોક્યતિમિરાપહ ॥
શ્રી સત્યનારાયણં નમઃ દીપં સમર્પયામિ ॥

## નમસ્કાર

શ્રી સત્યનારાયણં દેવ વન્દેઽહં કામદં પ્રભુમ્ ।
લીલયા વિતતં વિશ્વં યેન તસ્મૈ નમો નમઃ ॥

આ પ્રમાણે શ્રી સત્યનારાયણદેવનું આરંભનું પૂજન કરી હાથમાં જળ લઈ, સંકલ્પ મૂકી તેમને પ્રસન્ન કરવા.

truedeal.me



# શ્રી સત્યનારાયણની કથા

## અધ્યાય ૧ લો

### વ્રત-વિધિ

**વ્યાસમુનિ ઉવાચ**

એકદા નૈમિષારણ્યે ઋષયઃ શૌનકાદયઃ ।
પપ્રચ્છુર્મુનયઃ સર્વે સૂતં પૌરાણિકંખલુ ॥૧॥

એક સમયે અયોધ્યા પાસે આવેલા અતિપવિત્ર નૈમિષારણ્યમાં તપ કરનારા શૌનિક આદિ ઋષિઓ, સંપૂર્ણ પુરોણોને જાણનાર સૂત નામના પુરાણીને પ્રશ્ન પૂછ્યોઃ ૧

**ઋષિ ઉવાચ**

વ્રતેન તપસા કિં વા પ્રાપ્યતે વાંચ્છિત ફલમ્ ।
તત્સર્વં શ્રોતિમિચ્છામઃ કથયસ્વ મહામુને ॥૨॥

હે મહામુનિ ! એવું કયું વ્રત છે કે જેનુ તપ કરવાથી મનોવાંચ્છિત ફળની પ્રાપ્તિ થાય. આવું કોઈ વ્રત હોય તો સાંભળવા અમે ખૂબ જ ઉત્સુક છીએ, માટે અમને વિગતવાર કહો. ૨

**સૂત ઉવાચ**

નારદનૈવ સંપૃષ્ટો ભગવાન કમલાપતિઃ ।
સરર્ષયે યથૈવાહ તચ્છૃણુધ્વં સમાહિતાઃ ॥૩॥

શૌનકાદિ ઋષિઓનો પ્રશ્ન સાંભળીને સૂત નામના પુરાણી કહે છે : 'એક સમયે દેવર્ષી નારદજીએ શ્રીકૃષ્ણને વૈકુંઠમાં આવો જ પ્રશ્ન કર્યો હતો. તે વખતે ભગવાન શ્રીકૃષ્ણે જે ઉત્તર આપ્યો હતો તે જ ઉત્તર તમને કહું છું તે તમે સંપૂર્ણ ધ્યાન આપીને સાંભળો.' ૩

એકદા નારદો યોગી પરાનુગ્રહકાંક્ષયાઃ ।
પર્યટન્ વિવિધાન્ લોકાન્ મર્ત્યલોકમુપાગતઃ ॥૪॥

એ સમયે નારદમુનિ અન્ય પર ઉપકાર કરવાની મહેચ્છાથી મનુષ્યલોકમાં ફરતાં ફરતાં આવ્યા. ૪

truedeal.me





truedeal.me



**સૂત ઉવાચ**

તતોદૃષ્ટ્વા જનાન્ સર્વા નાનાકલે સમન્વિતાન્: ।
નાનાયોનિસમુત્પન્ના કિલશ્યમાન્ સ્વકર્મભિઃ ॥૫॥

તેઓશ્રીએ અહીં જુદી જુદી યોનિમાંથી ઉત્પન્ન થયેલા પોત પોતાના દુષિત કર્મોથી દુઃખી થતાં અને અનેક પ્રકારની આધિ-વ્યાધિઓથી ઘેરાયેલા સર્વ લોકોને જોયા. ૫

કેનોપાયેન ચૈતેષાં દુઃખનાસો ભવેદ્દ ધ્રુવમ્ ।
ઈતિ સંચિત્ય મનસા વિષ્ણુલોકં ગતસ્તદા ॥૬॥

ક્યા ઉપાય થકી આ સર્વ જીવાત્માઓના દુઃખ દૂર થાય, એવો વિચાર કરી નારદમુનિ તેજ સમયે વિષ્ણુલોકમાં ગયા. ૬

તત્ર નારાયણં દેવં શુકલવર્ણ ચતુર્ભુજમ્ ।
શંખચક્રગદાપદ્મ - વનમાલા વિભૂષિતમ્ ॥૭॥

વૈકુંઠલોકમાં નારદજીએ નારાયણના દર્શન કર્યા. શુકલવર્ણ પ્રભુના ચારે હાથ શંખ, ચક્ર, ગદા, પદ્મ અને માળાથી શોભી રહ્યા હતા. ૭

**નારદ ઉવાચ**

દૃષ્ટ્વા તં દેવદેવશં સ્તોતું સમુપચક્રમેઃ ।
નમો વાઙ્મનસાતીત રૂપાયાનંતશક્તયે ॥૮॥

દેવાધિદેવ શ્રી વિષ્ણુ ભગવાનને જોઈને નારદજી સ્તુતિ કરવા લાગ્યા : હે મનોવાણીથી પર અનંત રૂપવાળા, અનંત શક્તિશાળી એવા ભગવાન આપને મારા નમસ્કાર હો. ૮

આદિમધ્યાંતહીનાય નિર્ગુણાય ગુણાત્મનેઃ ।
સર્વેષામાદિભૂતાય ભક્તાનામાર્તિનાશિને ॥૯॥

આદિ, મધ્ય, અંતથી રહિત નિર્ગુણ છતાં સત્વ, રજ ને તમોગુણના સર્જનના નાથ ! પ્રાણીમાત્રમાં પ્રથમ, શરણાગતોનાં દુઃખોને દૂર કરનાર દેવ તમને સાષ્ટાંગ પ્રણામ કરું છું. ૯

truedeal.me



**શ્રીભગવાનુવાચ**

શ્રુત્વા સ્તોત્રં તતો વિષ્ણુર્નારદં પ્રત્યભાષત: ।
કિમર્થમાગતોસિ ત્વં કિં તે મનસિ વર્તતે: ।
કથાયસ્વ મહાભાગ તત્સર્વં કથયામિ તે ॥૧૦॥

આ જાતની નારદમુનિની સ્તુતિ સાંભળીને શ્રી વિષ્ણુ ભગવાન બોલ્યા : 'હે ! મહાભાગ્યશાળી નારદમુનિ ! તમે શા માટે આવ્યા છો ? ને તમારા મનમાં શું છે ? તમે જે કઈ પણ જાણવા માંગશો તે સઘળું હું તમને કહીશ.' ૧૦

**નારદ ઉવાચ**

મર્ત્યલોકે જના: સર્વે નાના કલેશસમન્વિત: ।
નાનાયોનિસમુત્પન્ના પચ્યન્તે પાપકર્મભિ ॥૧૧॥

એવું શ્રી ભગવાનનું કહેવું સાંભળીને નારદજી બોલ્યા : ' હે પ્રભુ ! મનુષ્યલોકમાં બધા લોકો જુદી જુદી યોનિમાં ઉત્પન્ન થઈ અનેક પ્રકારના દુ:ખોથી યુક્ત છે. તેમજ પોતે કરેલાં પાપકર્મોથી પીડાય છે. ૧૧

તત્કથં શમયેન્નાથ લઘૂપાયેન તત્ વદ: ।
તત્સર્વં શ્રોતુમિચ્છામિ કૃપાસ્તિ યદિ તે મયિ ॥૧૨॥

હે નાથ ! એમના એ દુ:ખોને નાશ કરવાનો ટૂંકો અને સરળ કોઈ ઉપાય મને બતાવો, તો પ્રભુ ! એ લોકો શાંતિથી રહી શકે. આપની મારા પર કૃપા હોય તો મને કહો. હું તે વાત સાંભળવાને આતુર છું. ૧૨

**શ્રીભગવાનુવાચ**

સાધુ પુષ્ટં ત્વયા વત્સ લોકાનુગ્રહકાંક્ષયા ।
યત્કૃત્વા મુચ્યતે મોહાત્ તચ્છૃણુષ્વ વદામિ તે ॥૧૩॥

નારદજીની વાત સાંભળીને ભગવાન બોલ્યા : 'હે વત્સ ! તમે લોક કલ્યાણ માટે ઉત્તમ પ્રશ્ન પૂછ્યો છે. તેનાથી મોહ મુક્ત થવાય તે માટે કહું છું તે સાંભળો. ૧૩

વ્રતમસ્તિ મહત્પુણ્યં સ્વર્ગે મર્ત્યે ચ દુર્લભમ્ ।
તવ સ્નેહાન્મયા વત્સ ! પ્રકાશ: ક્રિયતેઽધુના ॥૧૪॥

સ્વર્ગ અને પૃથ્વીમાં જે અતિ દુર્લભ વ્રત છે તે તમારા પર બહુ પ્રેમ હોવાથી

truedeal.me



હું કહું છું. તો ધ્યાન દઈને સાંભળો. ૧૪

સત્યનારાયણ સ્યૈવ વ્રતં સમ્યગ્વિધાનતઃ ।
કૃત્વા સદ્યઃ સુખં ભુક્ત્વા પરત્ર મોક્ષમાપ્નુયાત્ ॥૧૫॥

આ વ્રત શ્રી સત્યનારાયણ ભગવાનનું છે અને આ ઉત્તમ વ્રત વિધિપૂર્વક કરી સર્વ કોઈ સુખ ભોગવી શીઘ્ર મોક્ષ મેળવે છે. ૧૫

તચ્છ્રુત્વા ભગવદ્વાક્યં નારદો મુનિરબ્રવીત્ ।

વિષ્ણુ ભગવાનનું આ વાક્ય સાંભળીને નારદમુનિ બોલ્યા : ૧૬

### નારદ ઉવાચ

કિં ફલં કિં વિધાનં ચ કૃતં કેનૈવ તદ્વ્રતમ્ ।
તત્સર્વ વિસ્તરાદ્ બ્રૂહિ કદા કાર્યં હિ તદ્વ્રતમ્ ॥૧૬॥

મહારાજ ! શ્રી સત્યનારાયણ ભગવાનનાં વ્રતનું ફળ અને તેની વિધિ કેવી રીતે કરવાની હોય છે ? એ વ્રત કોણે કર્યું અને ક્યારે કર્યું, તે સઘળું વિસ્તારથી મને કહો. ૧૬

### શ્રીભગવાનુવાચ

દુઃખશોકાદિશમનં ધનધાન્ય પ્રવર્ધનમ્ઃ ॥૧૭॥

વિષ્ણુ ભગવાન બોલ્યા : ‘ હે નારદજી ! આ સત્યનારાયણનું વ્રત દુઃખ, શોક, વગેરેને મટાડનાર, ધન તથા ધાન્યને વધારનારું અને ઘણું ઉત્તમ ફળ આપનાર છે. ૧૭

સૌભાગ્ય સંતતિકરં સર્વત્ર વિજયપ્રદમ્ઃ ।
યસ્મિન્કિસ્મિન્દિનેમર્ત્યોભક્તિ શ્રદ્ધાસમન્વિતઃ ॥૧૮॥

આ વ્રત સ્ત્રીઓને સૌભાગ્ય અને સંતતિ આપવાવાળું છે અને સર્વને જય આપનારૂં છે. શ્રદ્ધા ભક્તિવાળા મનુષ્યે ગમે તે દિવસે સમી સાંજને સમયે પૂર્ણ શ્રદ્ધાથી આ વ્રત કરવું. ૧૮

સત્યનારાયણં દેવં યજેચ્ચ ચૈવ નિશામુખે ।
બ્રાહ્મણૈર્બાન્ધવૈશ્ચૈવ સહિતો ધર્મ તત્પરઃ ॥૧૯॥

ઉપવાસ કરીને સત્યનારાયણ દેવનું સાયં કાળ વખતે બ્રાહ્મણ અને પોતાના સગાં-વહાલાં ઈષ્ટ મિત્રને બોલાવીને પૂજન કરવું. ૧૯

truedeal.me



નૈવેદ્યં ભક્તિતો દદ્યાત્ સપાદં ભક્તિસંયુક્તમ્ ।
રંભાફલં ઘૃતં ક્ષીરં ગોધૂમસ્ય ચ ચૂર્ણકમ્ ॥૨૦॥

આ પૂજનમાં નૈવેદ્યમાં કેળા, ઘી, ઘઉંનો લોટ સવાયો લઈ તેમાં ઘી-ખાંડ નાખી શીરો કરી ભગવાનને અર્પણ કરવો. ૨૦

અભાવે શાલિચૂર્ણં વા શર્કરાં ચ ગુડં તથા ।
સપાદં સર્વભક્ષ્યાણિ ચૈકીકૃત્ય નિવેદયેત્ ॥૨૧॥

પૂજન કરનાર વ્યક્તિ બહુ જ ગરીબ હોય તો ઘઉંનો લોટ ન મળે તો ચોખાનો લોટ લેવો. ખાંડ ન મળે તો ગોળ લેવો. પણ બધી વસ્તુઓ સરખી એટલે કે સવાઈ લેવી. ૨૧

વિપ્રાય દક્ષિણાં દદ્યત્કથાં શ્રુત્વા જનૈઃ સહ ।
તતશ્ચ બંધુભિઃ સાર્ધવિપ્રાંશ્ચ પ્રતિભોજયેત્ ॥૨૨॥

પ્રસાદં ભક્ષયેદ્ભ ભક્ત્યા નૃત્યગીતાદિકં ચરેત્ ।
તતશ્ચ સ્વગૃહં ગચ્છેત્ સત્યનારાયણં સ્મરન્ ॥૨૩॥

એવં કૃતે મનુષ્યાણાં વાંચ્છાસિદ્ધિર્ભવેદ્ધ્રુવમ્ઃ ।
વિશેષતઃ કલિયુગે લઘૂપાયોઽસ્તિ ભૂતલે ॥૨૪॥

એમાં પાણીથી ભરેલા પાંચ કળશો મૂકી, પંચ રત્નો મૂકવાં. પુષ્પમાલાથી રાજગાદીએ મંડપમાં ચોખા - જવ ઘઉં - મગ - અડદ - કાંગ - તલ એમ છજાતના અનાજનો મંડપ કરવો. મંડપને રેશમી વસ્ત્રોના ચંદરવાથી આચ્છાદિત કરવો.૧૦

સુવાસિત ચંદનથી સાથિયો કાઢવો. શંખ ભેરી વગેરે વાજિંત્રો વગાડવા. કુટુંબ પરિવાર સહિત અનેક પ્રકારે આનંદ કરવો. સાંજે વ્રત કરવાનો નિયમ લઈ, સવારે વહેલા ઊઠી, સ્નાનાદિથી પરવારી પોતાનું નિત્યકર્મ કરવું. પછી શ્રી વિષ્ણુ ભગવાનની સોનાની મૂર્તિ બનાવવી. એને વિધિપૂર્વક પંચામૃતથી સ્નાન કરાવી બે વસ્ત્રોથી વિંટાળી, તામ્રપત્રમાં મૂકી પ્રાણ-પ્રતિષ્ઠા કરી, ચંદન-પુષ્પો, તુલસી, ધૂપ-દીપ-નૈવેધ, પાન-સોપારી, જાતજાતનાં ફળો વડે કુટુંબીજનોની સાથે

શ્રદ્ધાપૂર્વક બ્રાહ્મણ દ્વારા શ્રી સત્યનારાયણ ભગવાનની પૂજા કરવી ભક્તિથી ઉત્તમ પ્રકારનું સવાયુ નૈવેધ અર્પણ કરવું. કેળા-ઘીદૂધ-ઘઉંનો કે ચોખાનો લોટ-

truedeal.me



સાકર (અથવા ગોળ)એ સઘળા પદાર્થો સવાયા વજનમાં લઈ તેનો શીરો બનાવી પ્રસાદ ધરાવવો, બ્રાહ્મણને યથાશક્તિ દક્ષિણા આપવી, બ્રાહ્મણો તથા સગા-સંબધીઓને પ્રસાદ આપવો. અને પોતે લેવો. પછી ભગવાનની સામે ભક્તિથી ભજનકીર્તન કરવાં.

આ રીતે ભક્તિથી જે માણસ આ વ્રત કરશે તેની સર્વ મનોકામના પરિપૂર્ણ થશે. આ ઘણું કરીને કલયુગમાં અનેક તરેહની પીડાથી પીડિત એવા લોકોને આ સહેલા ઉપાયથી મોટા દુઃખમાંથી મુક્ત થાય માટે ઘણો જ સરળ ઉપાય છે.

ઈતિ શ્રી સ્કંદપુરાણે રેવાખંડે શ્રી સત્યનારાયણવ્રત કથા પ્રથમોઽધ્યાયઃ સંપૂર્ણ.

# અધ્યાય ૨ જો

## નિર્ધન બ્રાહ્મણની તથા કઠિયારાની કથા

### સૂત ઉવાચ

અથાન્યત્ સંપ્રવક્ષ્યામિ કૃતં યેન પુરા દ્વિજાઃ ।
કશ્ચિત્ કાશીપુરે રમ્યે હ્યાસીત્ વિપ્રોઽતિનિર્ધનઃ ॥૧॥

'હે બ્રાહ્મણો હવે બીજી એક કથા કહું છું. તે ધ્યાનથી સાંભળો. આ વ્રત સૌથી પહેલા કોણે કર્યું હતું. તે કહું છું. રમણીય કાશી શહેરમાં એક ગરીબ અને સાવ નિર્ધન બ્રાહ્મણ રહેતો હતો. ૧

ક્ષુતૃડ્ભ્યાં વ્યાકુલો ભૂત્વા નિત્યં બભ્રામ ભૂતેલઃ ।
દુઃખિતં બ્રાહ્મણં દૃષ્ટ્વા ભગવાન્ બ્રાહ્મણપ્રિયઃ ॥૨॥

આ બ્રાહ્મણ ભૂખ તરસથી વ્યાકુળ થઈને હંમેશાં ધરતી પર ભટક્યા કરતો હતો. એક દિવસ રખડી રહેલ બ્રાહ્મણને ભગવાને કે જેને બ્રાહ્મણો અતિ પ્રિય છે તેમણે જોયો.૨

વૃદ્ધ બ્રાહ્મણરૂપસ્તં પપ્રચ્છ દ્વિજમાદરાત્ ।
'કિમર્થ ભ્રમસે વિપ્ર મહીં નિત્યં સુદુઃખિતઃ ।
તસ્તર્વં શ્રોતુમિચ્છામિ કથ્યતાં દ્વિજસત્તમ્' ॥૩॥

આથી ભગવાન વિષ્ણુ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને એ રખડતા દરિદ્ર બ્રાહ્મણ પાસે આવ્યા અને પૂછ્યું : 'હે બ્રાહ્મણ ! તું આટલો દુઃખી થઈને ધરતીપર શા

truedeal.me



માટે ભટકી રહ્યો છે ? મને તારી દુ:ખદર્દની સાંભળવાની ઈચ્છા થઈ છે તો તે તું મને સંભળાવ. ૩

બ્રાહ્મણ ઉવાચ

બ્રાહ્મણોઽતિદરિદ્રોઽહં ભિક્ષાર્થં વૈ ભ્રમે મહીમ્ ।
ઉપાયં યદિ જાનાસિ કૃપાય કથય પ્રભો ॥૪॥

બ્રાહ્મણ બોલ્યો : 'હું અત્યંત દરિદ્ર, નિર્ધન ગરીબ બ્રાહ્મણ છું અને ભિક્ષા માંગવા માટે જ ધરતી પર રખડી રહ્યો છું. મારૂં દારિદ્ર દૂર કરી મને સુખ-શાંતિ અને સમૃદ્ધિ મળે એવો કોઈ ઉપાય જાણતા હોય તો કૃપા કરીને મને જણાવો.' ૩

વૃદ્ધ બ્રાહ્મણ ઉવાચ

સત્યનારાયણો વિષ્ણુર્વાંછિતાર્થ ફલપ્રદ: ॥૫॥

વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું : 'હે બ્રાહ્મણ ! તારી કહાની દુ:ખ-દર્દોથી ભરેલી છે. માટે આ કળિયુગમાં શ્રી સત્યનારાયણનું પૂજન કરવાથી વિષ્ણુ ભગવાન તારી બધી મનોકામના પરિપૂર્ણ કરશે. ૫

તસ્યં ત્વં પૂજનં વિપ્ર કુરુષ્વ વ્રતમુત્તમમ્ ।
યત્કૃત્વા સર્વદુ:ખેભ્યો મુક્તો ભવતિ માનવ: ॥૬॥

શ્રી સત્યનારાયણ ભગવાન કહે છે કે, 'બ્રાહ્મણ ! તારે તારૂં નિર્ધનપણું ટાળવું હોય અને સુખ-શાંતિની ઈચ્છા રાખવી હોય તો સત્યનારાયણ ભગવાનનું ઉત્તમ વ્રત કર. વ્રત અને પૂજન શ્રદ્ધાપૂર્વક કરવાથી થોડા દિવસમાં જ તું નિર્ધન મટીને ધનવાન બની જઈશ.' ૬

વિધાનં ચ વ્રતસ્યાકિ વિપ્રાયાભાષ્ય યત્નત: ।
સત્યનારાયણો વૃદ્ધસ્તત્રૈ વાન્તરધીયત ॥૭॥

નિર્ધન બ્રાહ્મણને શ્રી સત્યનારાયણનું વ્રતની વિધિ-વિધાન વિગતવાર સમજાવીને ભગવાન સત્યનારાયણ દેવ અદૃશ્ય થઈ ગયા. ૭

'તદ્ વ્રતં સંકરિષ્યામિ યદુક્તં બ્રાહ્મણેન વૈ' ।
ઈતિ સંચિંત્ય વિપ્રોઽસૌ રાત્રૌનિદ્રાંનલબ્ધવાન્ ॥૮॥

અને એ બ્રાહ્મણે ત્યાં જ ઊભા ઊભા મનમાં તરત જ સંકલ્પ કર્યો કે, મને જે વૃદ્ધ બ્રાહ્મણે વ્રતની વિધિ-વિધાન સમજાવી છે એ વ્રત હું અવશ્ય કરીશ જ.

truedeal.me



આવો નિર્ણય કર્યા પછી એ દરિદ્ર બ્રાહ્મણને રાતે ઊંઘ પણ ન આવી. ૮

તતઃ પ્રાતઃ સમુત્થાય 'સત્યનારાયણ વ્રતમ્' ।
'કરિષ્ય' ઈતિ સંકલ્પ્ય ભિક્ષાર્થમગમદ્ દ્વિજઃ ॥૯॥

બીજા દિવસે સવારે વહેલો ઊઠી, નાહી-ધોઈ તૈયાર થઈને એ દરિદ્ર બ્રાહ્મણે મનોમન નક્કી કરી નાખ્યું કે આજે તો આ વ્રત અવશ્ય કરીશ જ. આવો દૃઢ નિર્ણય કરીને નિર્ધન બ્રાહ્મણ ભીક્ષા માંગવા માટે ગયો. ૯

તસ્મિન્નેવ દિને વિપ્રઃ પ્રચુરં દ્રવ્યમાપ્તવાન્ ।
તેનૈવ બંધુભિઃ સાર્ધ સત્યસ્ય વ્રતમાચરત્ ॥૧૦॥

એ દિવસે દરિદ્ર બ્રાહ્મણને ભિક્ષામાં રોજ કરતા બે ગણું કે સવાયું દ્રવ્ય મળ્યું. આથી આ દ્રવ્યથી તેણે પોતાના સગાં-વહાલાં મિત્રો સાથે શ્રી સત્યનારાયણ દેવનું વ્રત કર્યું. ૧૦

સર્વ દુઃખંવિનિર્મુક્તઃ સર્વસંપત્સમન્વિતઃ ।
બભૂવ સ દ્વિજશ્રેષ્ઠો વ્રતસ્યાસ્ય પ્રભાવતઃ ॥૧૧॥

આ પ્રમાણે પૂર્ણ ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત તથા પૂજન કરવાથી થોડા જ વખતમાં દરિદ્ર બ્રાહ્મણ દુઃખ મુક્ત થઈને અગણિત સંપત્તિનો માલીક થઈ ગયો. શ્રી સત્યનારાયણ ભગવાનના વ્રત અને પૂજનનો આ કળિયુગમાં બહુ મોટો પ્રભાવ છે. શ્રી સત્યનારાયણ ભગવાનના વ્રતમાં એટલું ઐશ્વર્ય આપવાનું સામાર્થ્ય છે. ૧૧

તતઃ પ્રભૃતિ કાલે ચ માસિ માસિ વ્રતં કૃતમ્ ।
એવં નારાયણસ્યેદં વ્રતં કૃત્વા દ્વિજોત્તમઃ ।
સર્વ પાપવિનિર્મુક્તો દુર્લભં મોક્ષમાપ્તવાન્ ॥૧૨॥

ત્યાર બાદ એ નિર્ધન બ્રાહ્મણ દરેક મહિનાની પૂનમે શ્રી સત્યનારાયણનું વ્રત કરવા લાગ્યો. શ્રદ્ધાપૂર્વક ભગવાનની પૂજા-ભક્તિ કરવા લાગ્યો. આ પ્રભાવથી બ્રાહ્મણના સઘળા પાપો નાશ થઈ ગયા અને અંતે અત્યંત દુર્લભ મોક્ષ પદ પામ્યો. ૧૨

વ્રતમસ્ય યદા વિપ્રાઃ પૃથિવ્યાં સંચરિષ્યતિ ।
તદૈવ સર્વદુઃખં ચ મનુજસ્ય વિનંશ્યતિ ॥૧૩॥

પૃથ્વી પર રહેતા માનવીઓમાંથી કોઈપણ શ્રી સત્યનારાયણનું વ્રત-પૂજન

truedeal.me



ભાવ પૂર્વક કરશે તો તેના સઘળા મનોરથો પૂર્ણ થશે. તેના સઘળા પાપોનો નાશ પણ થશે. સુખ શાંતિ અને વૈભવ પ્રાપ્ત થશે.

એવં નારાયણેનોક્તં નારદાય મહાત્મને ।
મયા તત્કથિતં વિપ્રાઃ કિમન્યત્ કથયામિ વઃ ॥૧૪॥

હે ઋષિઓ ! શ્રી સત્યનારાયણે નારદમુનિને સત્યનારાયણના વ્રતની વાત તથા તેના મહાત્મ્યની જાણ કરી, આથી એ જ વ્રતની વાત મેં તમોને કહી છે. હવે આપ શું જાણવાની ઈચ્છા રાખો છો ? ૧૪

### ઋષિ ઉવાચ

તસ્માદ્વિપ્રાચ્છ્રુતં કેન પૃથિવ્યાં ચરિતં મુને ।
તત્ સર્વં શ્રોતુમિચ્છામઃ શ્રદ્ધાસ્માકં પ્રજાયતે ॥૧૫॥

શ્રી સૂતજી મહારાજના આવા વચનો સાંભળીને ઋષિઓ બોલ્યા : 'હે મુનિશ્વર ! એ નિર્ધન બ્રાહ્મણ પાસેથી સૌ પ્રથમ વાર શ્રી સત્યનારાયણનું વ્રત કોણે સાંભળ્યું હતું અને એ વ્રત ત્યાર બાદ પૃથ્વી પર કોણે કર્યું હતું એ અમે વિગતવાર જાણવા માંગીએ છીએ. કારણ કે અમને આ વ્રતમાં ઘણી જ ઉત્કંઠા પેદા થઈ છે અને એ વ્રતમાં શ્રદ્ધા બેઠી છે. ૧૫

### સૂત ઉવાચ

શૃણુધ્વં મુનયઃ સર્વે વ્રતં યેન કૃતં ભુવિઃ ।
એકદા સદ્વિજશ્રેષ્ઠો યથા વિભવવિસ્તરૈઃ ॥૧૬॥

સૂતજીએ તરત જ જવાબ આપ્યો : 'હે મુનિઓ આ પૃથ્વી પર નિર્ધન બ્રાહ્મણ પછી શ્રી સત્યનારાયણનું વ્રત કોણે કર્યું હતું તે હું તમને કહું છું માટે ધ્યાન દઈને સાંભળો. ૧૬

બંધુભિઃ સ્વજનૈઃ સાર્ધં વ્રત કર્તું સમુદ્યતઃ ।
એતસ્મિન્નંતરે કાલે કાષ્ઠક્રેતા સમાગતમ્ ॥૧૭॥

એક દિવસ એ શ્રેષ્ઠ બ્રાહ્મણ પોતાના સગાં-સંબંધીઓ અને મિત્રો સાથે આ વ્રત કરવાની તૈયારી કરી રહ્યો હતો. બરોબર ત્યારે જ એક લાકડા વેચવાવાળો કઠિયારો ત્યાં આવ્યો. ૧૭

બહિઃ કાષ્ઠં ચ સસ્થાપ્ય વિપ્રસ્ય ગૃહમાયયૌ ।
તૃષ્ણયાઃ પીડિતાત્મા ચ દૃષ્ટ્વા વિપ્રં કૃતવ્રતમ્ ॥૧૮॥

truedeal.me





truedeal.me



કઠિયારો માથા પરનો લાકડાનો ભારો દરવાજા બહાર નીચે ઉતારીને ત્યાં બેઠો. એને પાણી પીવાની તીવ્ર ઈચ્છા થઈ હોવા છતાં બ્રાહ્મણે કરેલી શ્રી સત્યનારાયણની પૂજા તથા વ્રત વિધિ ધ્યાનપૂર્વક જોઈ અને કથા શ્રવણ પણ કરી.

પ્રણિપત્ય દ્વિજં પ્રાહ 'કિમિદં ક્રિયતે ત્વયા ।
કૃતે કિં ફલમાપ્નોતિ વિસ્તરાદ્ વદ મે પ્રભો' ॥૧૯॥

એ કઠિયારાએ બ્રાહ્મણને આદરપૂર્વક નમસ્કાર કર્યા અને પૂછ્યું : ' હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! આપ આ કયું વ્રત કરો છો ? આ વ્રત કરવાથી શું ફાયદો થાય છે ? અને તેની વિધિ શું છે ? એ સર્વ વિગત કૃપા કરીને મને કહો.'

**વિપ્ર ઉવાચ**

'સત્યનારાયણસ્યેદં વ્રતં સર્વેપ્સિતપ્રદમ્ ।
તસ્ય પ્રસાદાન્મે સર્વં ધનધાન્યાદિકં મહત્' ॥૨૦॥

કઠિયારાની વાત સાંભળીને બ્રાહ્મણ બોલ્યો : 'આ સત્યનારાયણ ભગવાનનું વ્રત છે. આ વ્રત માનવીની દરેક મહેચ્છાઓ પરિપૂર્ણ કરવા વાળું છે. આ વ્રત કરવાથી મને પુષ્કળ વૈભવ સાથે ધનદોલત પ્રાપ્ત થઈ છે.'

તસ્માદેતદ્ વ્રતં જ્ઞાત્વા કાષ્ઠક્રેતાતિહર્ષિતઃ ।
પપૌ જલં પ્રસાદં ચ ભુક્ત્વા સ નગરં યયૌ ॥૨૧॥

બ્રાહ્મણ પાસેથી શ્રી સત્યનારાયણના વ્રતની સંપૂર્ણ માહિતી જાણ્યા પછી પ્રસાદ આરોગી, પાણી પીને એ કઠિયારો અતિ આનંદ સાથે શહેર તરફ રવાના થયો.

'સત્યનારાયણં દેવં મનસા ઈત્યચિંતયત્ ।
કાષ્ઠ વુક્રયતો ગ્રામે પ્રાપ્યતે ચાદ્ય યદ્ધનમ્ ॥૨૨॥

તે ગરીબ કઠિયારો અતિ ઉમળકાથી શ્રી સત્યનારાયણ દેવનું મનમાં સ્મરણ કરતો-કરતો વિચારવા લાગ્યો કે : 'આજે શહેરમાં મારો આ લાકડાનો ભારો વેચાઈ જશે તો મને તેમાંથી થોડું ધન મળશે.'

તેનૈવ સત્યદેવસ્ય કરિષ્યે વ્રતમુત્તમમ્ ।
ઈતિ સંચિન્ત્ય મનસા કાષ્ઠં ધૃત્વા તું મસ્તકે ॥૨૩॥

એ ધનમાંથી હું શ્રી સત્યનારાયણ દેવના ઉત્તમ વ્રતની પૂજન સામગ્રી લઈશ અને વ્રત કરીશ. આવો મનમાં દૃઢ સંકલ્પ કરતા એ કઠિયારો માથે

truedeal.me



લાકડાનો ભારો લઈને જ્યાં ધનવાનોની વસ્તી હતી એ તરફ ગયો.

જગામ નગરે રમ્યે ધનિનાં યત્ર સંસ્થિતિઃ ।
તનિ કાષ્ઠમૂલ્યં ચ દ્વિગુણં પ્રાપ્તવાનસૌ ॥૨૪॥

આ નયનરમ્ય નગરમાં જ્યાં ધનવાનો રહેતા હતા એ મહોલ્લામાં એ ગરીબ કઠિયારો આવ્યો. ત્યાં એક ધનિકે લાકડાનો ભારો બમણી કિંમતે ખરીદ્યો.

તતઃ પ્રસન્નહૃદયઃ સુપક્વં કદલીફલમ્ ।
શર્કરા ઘૃતદુગ્ધં ચ ગોધૂમસ્ય ચ ચૂર્ણકમ્ ॥૨૫॥

ગરીબ કઠિયારાના હાથમાં લાકડાના ભારાની બમણી કિંમત મળતાં એનું હૃદય આનંદિત બન્યું. તેમાંથી તેણે કેળા, સાકર, ઘી, દૂધ અને ઘઉંનો લોટ ખરીદ્યો. સાથે સાથે વ્રતની બીજી પૂજન સામગ્રી પણ ખરીદી લીધી.

કૃત્વૈકત્ર સપાદં ચ ગૃહીત્વા સ્વગૃહં યયૌ ।
તતો બંધુન્ સમાહૂય ચકાર વિધિના વ્રતમ્ ॥૨૬॥

પૂજન સામગ્રી બધી જ સવાઈ લઈને કઠિયારો આનંદિત મન સાથે ઘેર આવ્યો. સગાં-સંબંધીઓને બોલાવીને કઠિયારાએ શ્રદ્ધા અને ભક્તિભાવ પૂર્વક શ્રી સત્યનારાયણ દેવની પૂજન-વિધિ કરીને અતિભાવ સાથે વ્રત કર્યું.

તદ્વ્રતસ્યં પ્રભાવેણ ધનપુત્રાન્વિતોઽભવત્ ।
ઈહ લોકે સુખં ભુક્ત્વા ચાન્ત’ સત્યપુરં યયૌ ॥૨૭॥

આ વ્રતના પ્રભાવથી એ ગરીબ કઠિયારો ધન-ધાન્ય અને પુત્રવાન થયો. સુખમય જીવન જીવીને કઠિયારો અંતે વૈકુંઠ વાસનો અધિકારી બન્યો.

ઈતિ શ્રી સ્કંદપુરાણે રેવાખંડે શ્રી સત્યનારાયણવ્રત કથાયા દ્વિતિયોધ્યાયઃ સંપૂર્ણ

## અધ્યાય ૩જો

## સાધુ વાણિયાની કથા

**સૂત ઉવાચ**

પુનરગ્રે પ્રવક્ષ્યામિ શૃણુધ્વં મુનિસત્તમાઃ ।
પુરા ચોલ્કામુખોનામ નૃપશ્ચાસીન્મહીપતિઃ ॥૧॥

શ્રી સૂતજી બોલ્યા : હે મુનિઓ ! હું તમને શ્રી સત્યનારાયણ વ્રતની બીજી

truedeal.me



કેટલીક વાતો કહું છું તે તમે સાંભળો. ઉલ્કામુખ નગરનો એક રાજા ધરતી પર પ્રજાનું લાલન-પાલન કરતો હતો.

જિતેન્દ્રિય સત્યવાદી યયૌ દેવાલયં પ્રતિ ।
દિને દિને ધનં દત્ત્વા દ્વિજાન્ સંતોષયન્ સુધીઃ ॥૨॥

આ રાજા ઈન્દ્રીયોને જીતનાર તથા સુખી અને સત્યવાદી હતો. એ દરરોજ દેવાલયે જઈને ભગવાનને પ્રણામ કરીને બ્રાહ્મણોને ધનનું દાન કરીને સંતોષ અનુભવતો હતો.

ભાર્યા તસ્ય પ્રમુગ્ધા ચ સરોજવદના સતી ।
ભદ્રશીલા નદી તીરે સત્યસ્ય વ્રતમાચરત્ ॥૩॥

આ ઉલ્કામુખ રાજાની પત્નીનું નામ ભદ્રશીલા હતું. તે ઘણી જ સુંદર અને પતિપરાયણ સ્ત્રી હતી. તેની સાથે તે રાજા નદીના કિનારે ભાવપૂર્વક શ્રી સત્યનારાયણ દેવનું વ્રત કરી રહ્યો હતો.

એતસ્મિન્નન્તરે તત્ર સાધુરેકઃ સમાગતઃ ।
વાણિજ્યાર્થં બહુધનૈરનેકૈઃ પરિપૂરતિઃ ॥૪॥

એવામાં ત્યાં એક સાધુ વાણિયો આવ્યો. તેણે વેપાર કરવા માટે પોતાના વહાણમાં અનેક જાતના ધન-ધાન્ય, તેજાના તથા મોતી-જવેરાત ભર્યાં હતા.

નાવં સંસ્થાપ્ય તત્તીરે જગામ નૃપતિં પ્રતિ ।
દૃષ્ટ્વા સ વ્રતિનં ભૂપં પપ્રચ્છ વિનયાન્વિતઃ ॥૫॥

નદી કિનારે પોતાનું વહાણ રોકીને એ સાધુ વાણિયો જ્યાં રાજારાણી શ્રી સત્યનારાયણનું વ્રત કરી રહ્યાં હતાં ત્યાં ગયો. રાજાને આદરપૂર્વક નમન કરીને વ્રત બાબતમાં પૂછવા લાગ્યો.

## સાધુ ઉવાચ

કિમિદં કુરુષે રાજન્ ભક્તિયુક્તેન ચેતસા ।
પ્રકાશં કુરુ તત્સર્વં શ્રોતુમિચ્છામિ સામ્પ્રતમ્ ॥૬॥

સાધુ વાણિયાએ કહ્યું : રાજન્ ! આટલી લગનથી, ભક્તિભાવ પૂર્વક તમે શાનું પૂજન કરી રહ્યા છો ? એ સઘળું હું અત્યારે જ જાણવા માગું છું. કૃપા કરીને મને કહો !'

truedeal.me



રાજા ઉવાચ

પૂજનં ક્રિયતે સાધો વિષ્ણોરતુલતેજસઃ ।
વ્રતં ચ સ્વજનૈઃ સાર્ધં પુત્રાદ્યાવાપ્તિકામ્યયાઃ ॥૭॥

રાજાએ તરત જ સાધુ વાણિયાને જવાબ આપતા કહ્યું : 'હે સાધુ વાણિયા ! હું શ્રી વિષ્ણુ ભગવાનની પૂજન-વિધિ કરૂં છું. મને ધન-ધાન્ય અને પુત્ર મળે એટલા માટે મારા કુટુંબીજનો સાથે એમનું પાવનકારી વ્રત કરી રહ્યો છું.'

ભૂપસ્ય વચનં શ્રુત્વા સાધુઃ પ્રોવાચ સાદરમ્ ।
સર્વં કથય મે રાજન્ કરિષ્યેઽહં તવોદિતમ્ ॥૮॥

રાજાનું આવું વચન સાંભળીને એ સાધુ વાણિયો આદરપૂર્વક કહેવા લાગ્યો : 'હે પ્રજાપાલક રાજન્ ! આ સઘળા વ્રતની માહિતી મને કહો. હું આપના કહ્યા મુજબ કરીશ !'

મમાપિ સંતતિર્નાસ્તિ હ્યેતસ્માજ્ જાયતે ધ્રુવમ્ ।
તતો નિવૃત્ય વાણિજ્યાત્સાનંદો ગૃહમાગતઃ ॥૯॥

'હે મહારાજ ! મારે પણ સંતાન નથી. માટે હું આ વ્રત શ્રદ્ધાપૂર્વક અને ભક્તિભાવથી કરીશ, એટલે મારે ઘેર પણ સંતાન અવશ્ય થશે.' ત્યાર બાદ સાધુ વાણિયો રાજા પાસેથી વ્રતની સઘળી વિધિ જાણીને વેપાર અર્થે ન જતા આનંદીત મન સાથે પોતાના ઘેર પાછો આવ્યો.

ભાર્યાયૈ કથિતં સર્વં વ્રત સંતતિદાયકમ્ ।
'તદા વ્રતં કરિષ્યામિ યદા મે સંતતિર્ભવેત્' ॥૧૦॥

અને ઘેર આવીને શ્રી સત્યનારાયણ દેવના વ્રતનો સઘળો મહિમા પોતાની પત્નીને કહ્યો. મનમાં દૃઢ સંકલ્પ કર્યો કે, 'મારે ઘેર સંતાન થશે તો હું આ વ્રત અવશ્ય કરીશ !'

ઈતિ લીલાવતી પ્રાહ પત્નીં સાધુઃ સ સત્તમઃ ।
એકસ્મિન્ દિવસે તસ્ય ભાર્યા લીલાવતી સતી ॥૧૧॥

આ સજ્જન સાધુ વાણિયાએ પોતાની પત્નીને અતિહર્ષ સાથે જણાવ્યું કે 'જ્યારે આપણા ઘરે સંતાન થશે ત્યારે હું આ વ્રત અવશ્ય કરીશ જ !'

ભર્તુર્યુક્તાઽઽનંદચિત્તાઽભવદ્ ધર્મ પરાયણા ।
ગર્ભિણી સાઽભવત્ તસ્ય ભાર્યા સત્યપ્રસાદતઃ ॥૧૨॥

સાધુ વાણિયાની પત્ની લીલાવતી ધાર્મિક મનવાળી, પોતાના પતિને પ્રેમ

truedeal.me



કરવાવાળી આદર્શનારી હતી. તે પોતાના પતિ સાથે આનંદથી રહેતી. આથી શ્રી સત્યનારાયણ દેવની કૃપાથી એક દિવસ એ સગર્ભા બની.

દશમે માસિ વૈ તસ્યાં કન્યારત્નમજાયત ।
દિને દિને સા વવૃધે શુક્લપક્ષે યથા શશી ॥૧૩॥

અને દસ મહિના પૂરા થતાં જ લીલાવતીએ એક સુંદર પુત્રીને જન્મ આપ્યો. આ પુત્રી અજવાળિયામાં ચંદ્ર દિવસે દિવસે મોટો થતો જાય એ રીતે વધવા લાગી.

નામ્ના કલાવતી ચતિ તન્નામકરણં કૃતમ્ ।
તતાં લીલાવતી પ્રાહ સ્વામિનં મધુરં વચઃ ॥૧૪॥

એ સુંદર કન્યાનું નામ કલાવતી રાખવામાં આવ્યું. થોડા દિવસો પછી લીલાવતીએ પોતાના પતિને મધુર વચનો સાથે કહ્યું :

**સાધુ ઉવાચ**

'ન કરોષિ કિમર્થં વૈ પૂરા સંકલ્પિતં વ્રતમ ?' ।
'વિવાહસમયે ત્વસ્યાં કરિષ્યામિ વ્રતં પ્રિયે' ॥૧૫॥

'હે નાથ ! તમે જે વ્રતનો અગાઉ સંકલ્પ કર્યો હતો. તે તમે કેમ પૂરો કરતાં નથી.' સાધુ વાણિયો પ્રેમથી બોલ્યો – ' હે પ્રિયે, જ્યારે કલાવતીને આપણે પરણાવીશું ત્યારે હું આ વ્રત અવશ્ય કરીશ !'

ઈતિ ભાર્યાં સમાશ્વાસ્ય જગામ નગરં પ્રતિ ।
તતઃ કલાવતી કન્યા વવૃધે પિતૃવેશ્મનિ ॥૧૬॥

આમ કહીને સાધુ વાણિયો વેપાર કરવા માટે બીજા નગરમાં ચાલ્યો ગયો. આ બાજુ કલાવતી મોટી થવા લાગી.

દૃષ્ટ્વા કન્યાં તતઃ સાધુર્નગરે સખિભિઃ સહ ।
મંત્રયિત્વા દ્રુતં દૂતં પ્રેષયામાસ ધર્મવિત્ ॥૧૭॥

સમય જતાં કલાવતીને મોટી થઈ ગયેલી અને લગ્ન લાયક લાગતા સાધુ વાણિયાએ પોતાના મિત્રો સાથે વિચાર-વિમર્શ કરીને એક દૂતને તરત જ બોલાવ્યો.

વિવાહાર્થં ચ કન્યાયા વરં શ્રેષ્ઠં વિચારય ।
તેનાજ્ઞપ્તશ્ચ દૂતોઽસૌ કાંચન નગરં યયૌ ॥૧૮॥

સાધુ વાણિયાએ પોતાના દૂતને બોલાવીને કહ્યું : ' મારી કન્યા હવે ઉંમર લાયક થઈ હોવાથી તેના માટે ઉત્તમ વર શોધી લાવો.' આજ્ઞા મળતાં જ એ દૂત

truedeal.me



કાંચન નામના નગરમાં ગયો.

તસ્માદેકં વણિકપુત્રં સમાદાયાગતો હિ સઃ ।
દૃષ્ટ્વા તુ સુંદરં બાલં વણિકપુત્રં ગુણાન્વિતમ્ ॥૧૯॥

દૂત નગરમાં ફરતાં ફરતાં એક વણિકના ઘરે ગયો. ત્યાં એ વણિકનો એક સુંદર પુત્ર ઘેર જોયો. એને સાથે લઈને દૂત પાછો આવ્યો ત્યારે ગુણવાન, સુંદર અને નાની ઉંમરના એ વાણિયાના પુત્રને જોયો.

જ્ઞાતિભિર્બન્ધુભિઃ સાર્ધં પરિતુષ્ટેન ચેતસા ।
દત્તવાન્ સાધુરાહૂય કન્યાં તસ્મૈ વિધાનત ॥૨૦॥

સાધુ વાણિયાને તે વણિક પુત્ર ગમી ગયો. આથી પોતાના સગાં-સંબંધીઓને બોલાવીને ઘણાં જ આનંદ અને ઉમંગ સાથે વિધિપૂર્વક તે વાણિયાના પુત્ર સાથે પોતાની કન્યા કલાવતીના લગ્ન ધામધૂમથી કર્યાં.

તતોऽભાગ્યવશાત્ તેન વિસ્મૃતં વ્રતમુત્તમમ્ ।
વિવાહસમયે ત્વસ્યાસ્તેન રુષ્ટોऽભવત્ પ્રભુઃ ॥૨૧॥

કલાવતીના વિવાહ સમયે પણ સાધુ વાણિયો પોતાના કર્મની કઠનાઈના કારણે શ્રી સત્યનારાયણ દેવનું વ્રત કરવાનું ભૂલી ગયો. આથી શ્રી સત્યનારાયણ દેવ તેના પર કોપાયમાન થયા.

તતઃ કાલેન નિયતો નિજકર્મવિશારદઃ ।
વાણિજ્યાર્થં તતઃ શીઘ્રં જામાત્રા સંસ્થિતો વણિક ॥૨૨॥

કલાવતીને પરણાવ્યાને ઘણાય દિવસો વિતી ગયા. એ કુશળ સાધુ વાણિયો પોતાના જમાઈને સાથે લઈને વેપાર કરવા માટે બહારગામની સફરે ઊપડી ગયો.

રત્નસારપુરે રમ્યે ગત્વા સિંધુસમીપતઃ ।
વાણિજ્યમકરોત્સાધુર્જામાત્રા શ્રીમતા સહ ॥૨૩॥

સિંધુ નદી પાસે આવેલ રત્નસારપુર નામના સુંદર શહેરમાં સાધુ વાણિયો પોતાના જમાઈ સાથે આવ્યો અને અહીં પોતાનો વેપાર ધમધોકાર કરવા લાગ્યો.

તૌ ગત્વા નગરે રમ્યે ચંદ્રકેતોર્નૃપસ્ય ચ ।
એતસ્મિન્નેવ કાલે તુ સત્યનારાયણ પ્રભુઃ ॥૨૪॥

પછી તેઓ ચંદ્રકેતુ રાજાના રત્નસાર નામના શહેરમાં ગયા. એ વખતે શ્રી સત્યનારાયણ ભગવાન કોપાયમાન થયાં.

truedeal.me



ભ્રષ્ટપ્રતિજ્ઞામાલોક્ય શાપં તસ્મૈ પ્રદત્તવાન્ ।
'દારુણં કઠિનં ચાસ્ય મહદ્દુ:ખં ભવિષ્યતિ' ॥૨૫॥

સાધુ વાણિયો પોતે શ્રી સત્યનારાયણનું વ્રત કરશે એવો કરેલ સંકલ્પ ભૂલી ગયો હોવાથી 'આની ઉપર અત્યંત ભયંકર, મહા કઠોર દુઃખ આવી પડશે' એવો દેવે શ્રાપ આપ્યો.

એકસ્મિન્ દિવસે રાજ્ઞો ધનમાદાય તસ્કર: ।
તત્રૈવ ચાગતશ્ચોરો વણિજૌ યત્ર સંસ્થિતૌ ॥૨૬॥

એક દિવસ એ નગરના રાજાનું ધન લૂંટી લઈને ચોર ભાગતાં ભાગતાં જ્યાં આ સાધુ વાણિયો તથા તેનો જમાઈ રહેતા હતા ત્યાં આવી પહોંચ્યો.

તત્પશ્ચાદ્ધાવકાન્ દૂતાન્ દૃષ્ટ્વા ભીતેન ચેતસા ।
ધનં સંસ્થાપ્ય તત્રૈવ સ તુ શીઘ્રમલક્ષિત ॥૨૭॥

ચોરને પકડવા માટે રાજાના સિપાઈઓ ચોરની પાછળ પડ્યા હતા. આથી બચવા માટે ચોરે પોતે ચોરેલું ધન જ્યાં સસરો અને જમાઈ રહેતા હતા ત્યાં નાખીને નાસી ગયો.

તતો દૂતાઃ સમાયાતા યત્રાસ્તે સજ્જનો વણિક્ ।
દૃષ્ટ્વા નૃપધનં તંત્ર બદ્ધ્વાનીતૌવણિક્સુતૌ ॥૨૮॥

સિપાઈઓ ચોરને શોધતાં શોધતાં જ્યાં સસરો અને જમાઈ રહેતા હતા ત્યાં આવ્યા. ત્યાં રાજાનું ધન પડેલું જોઈને સિપાઈઓ બંને વાણિયાને પકડીને રાજા પાસે લઈ આવ્યા.

હર્ષેણ ધાવનામાશ્ચ ઊચુર્નૃપ સમીપતઃ ।
તસ્કરૌ દ્વૌ સમાનીતૌ વિલોક્યજ્ઞાપય પ્રભો ॥૨૯॥

ચોર જલ્દી પકડાઈ ગયો હોવાથી સિપાઈઓએ અતિ આનંદમાં દોડતાં આવીને રાજાને ખુશખબર આપ્યાં અને કહ્યું : 'હે મહારાજ ! અમે બે ચોરને પકડી લાવ્યા છીએ. તેમને જોઈને આપ સજાનો હુકમ કરો.

રાજાજ્ઞયાસ્તત: શીઘ્રં દૃઢં બદ્ધ્વા તુ તાવુભૌ: ।
સ્થાપિતો દ્વૌ મહાદુર્ગે કારાગારેઽવિચારતઃ ॥૩૦॥

રાજાએ ચોરોની સામું પણ જોયું નહિ અને જરા પણ વિચાર કર્યા વિના આજ્ઞા આપી દીધી. આથી સિપાઈઓએ એ બંનેને મજબૂત દોરડાથી બાંધીને મોટા કિલ્લાવાળી જેલમાં ધકેલી દીધા.

truedeal.me



માયયા સત્યદેવસ્ય ન શ્રુતં કૈસ્તયોર્વચઃ ।
અતસ્તયોર્ધનં રાજ્ઞા ગૃહીતં ચંદ્રકેતુના ॥૩૧॥

શ્રી સત્યનારાયણની માયાને કારણે કોઈએ પણ સાધુ વાણિયાની કોઈપણ વાત સાંભળી નહિ. ઉપરથી ચંદ્રકેતુ રાજાએ એમનું સઘળું ધન પણ લઈ લીધું.

તચ્છાપાચ્ચ તયોર્ગેહે ભાર્યા ચૈવાતિ દુઃખિતા ।
ચૌરેણાપહૃતં સર્વં ગૃહે યચ્ચ સ્થિતં ધનમ્ ॥૩૨॥

આ બાજુ શ્રી સત્યનારાયણ દેવના શ્રાપને કારણે સાધુ વાણિયાની પત્ની લીલાવતી પણ ઘણી જ દુઃખી દુઃખી થઈ ગઈ. ઘરમાં જે કંઈ ધન હતું તે સઘળું ચોરો ઉપાડી ગયા.

આધિવ્યાધિસમાયુક્તા ક્ષુત્પિપાસાતિદુઃખિતા ।
અન્નચિંતાપરા ભૂત્વા બભ્રામ ચ ગૃહે ગૃહે ।
કલાવતી તુ કન્યાપિ બભ્રામ પ્રતિવાસરમ્ ॥૩૩॥

લીલાવતી મનની ચિંતા અને અનેક રોગોથી ગ્રસ્ત થઈને ભૂખ સહન ન થતાં ધીરે ધીરે ભીખ માંગવાને ભટકવા લાગી. કન્યા કલાવતી પણ ભીખ માંગવા માટે રોજ ઘરે ઘરે ભટકવા લાગી.

એકસ્મિન્ દિવસે જાતા ક્ષુધાર્તા દ્વિજમન્દિરમ્ઃ ।
ગત્વાઽપશ્યદ્ વ્રતં તત્ર સત્યનારાયણસ્ય ચ ॥૩૪॥

એક દિવસની વાત છે કલાવતીને અત્યંત ભૂખ લાગી હતી. આથી તે કંઈક ખાવાનું મળશે એવી આશાએ એક બ્રાહ્મણને ઘેર ગઈ. ત્યાં તેણે શ્રી સત્યનારાયણ દેવનું વ્રત-પૂજન થતું જોયું.

ઉપવિશ્ય કથાં શ્રુત્વા વરં પ્રાર્થિતવત્યપિ ।
પ્રસાદભક્ષણં કૃત્વા યયૌ રાત્રૌ ગૃહં પ્રતિ ॥૩૫॥

વ્રત અને પૂજન સાંભળતાં તેના મનમાં ઘણી જ શાંતિ થઈ અને કથા સાંભળવા માટે તે ત્યાં જ બેસી ગઈ. એ મનોમન ભગવાનને પ્રાર્થના કરવા લાગી કે, 'હે પ્રભુ ! મારા પિતાજી તથા મારા પતિદેવ મને મળે.' એવા આર્શિવાદ શ્રી સત્યનારાયણ ભગવાન પાસે માંગીને બ્રાહ્મણે આપેલ કથાનો પ્રસાદ આરોગીને મોડી રાત્રે તે ઘરે પાછી ફરી.

માતા કલાવતી કન્યાં કથયામાસ પ્રેમતઃ ।
પુત્રિ ! રાત્રૌ સ્થિતા કુત્ર કિં તે મનસિ વર્તતે ? ॥૩૬॥

truedeal.me



રાતે મોડી ઘેર આવતાં ચિંતાને લીધે માએ કલાવતીને પૂછ્યું : 'હે દીકરી ! તું રાત્રે ક્યાં ગઈ હતી અને આટલી મોડી કેમ આવી ? તારા મનમાં કેવા વિચારો ચાલે છે ?'

કન્યાકલાવતી પ્રાહ માતરં પ્રતિ સત્વરમ્ ।
દ્વિજાલયે વ્રતં માતર્ દૃષ્ટં વાંછિતસિદ્ધિદમ્ ॥૩૭॥

આથી કલાવતી કન્યાએ પોતે રાત્રે મોડા આવવાનું કારણ જણાવતાં કહ્યું : ' હે માતા ! આજે હું એક બ્રાહ્મણને ઘેર ભીક્ષા માંગવાને ગઈ હતી. ત્યાં મનની ઈચ્છા પૂરી થવા વાળું વ્રત અને પૂજન તથા કથા થઈ રહી હતી. તે સાંભળવાને હું ત્યાં બેસી રહી હતી.'

તચ્છ્રુત્વા કન્યકાવાક્યં વ્રતં કર્તું સમુદ્યતા ।
સા તદા તુ વણિગ્ભાર્યા સત્યનારાયણસ્ય ચ ॥૩૮॥

પોતાની દીકરીના મુખેથી કથાનું વાક્ય સાંભળીને તે સાધુ વાણિયાની પત્ની આનંદભેર શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત કરવાને તૈયાર થઈ ગઈ.

વ્રતં ચક્રે સેવ સાધ્વી બંધુભિઃ સ્વજનૈઃ સહ ।
ભર્તુ જામાનરૌ ક્ષિપ્રમાગચ્છેતાં સ્વમાશ્રમમ્ ॥૩૯॥

એ વણિકની પતિવ્રતા સ્ત્રીએ પોતાના સગાં-સંબંધીઓને બોલાવીને શ્રદ્ધા અને ઉમંગથી ભક્તિભાવપૂર્વક શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત પૂરૂ કર્યું અને ભગવાનને પ્રાર્થના કરી કે, ' હે પ્રભુ ! મારા પતિ તથા જમાઈ જ્યાં હોય ત્યાંથી જલ્દી ઘેર પાછા આવે !'

અપરાધં ચ મે ભર્તૃર્જામાતુઃ ક્ષંતુમર્હસિ ।
વ્રતેનાનેન તુષ્ટોઽસૌ સત્યનારાયણ પ્રભુ ॥૪૦॥


પૂજન કરતી વખતે લીલાવતી હરઘડી ભગવાન પાસે એવી પ્રાર્થના કરતી રહેતી કે : 'હે ભગવાન ! મારા સ્વામી તથા જમાઈથી જે કંઈ અપરાધ થયા હોય તે બધા માફ કરજો.' અને આ વ્રત અને પૂજન થવાથી શ્રી સત્યનારાયણ ભગવાન સંતુષ્ટ થયા.

દર્શયામાસ સ્વપ્નં હી ચંદ્રકેતું નૃપોત્તમમ્ ।
બંદિનૌ મોચય પ્રાતર્ વણિજૌ નૃપસત્તમ્ ॥૪૧॥

વ્રત અને પૂજનથી સંતોષ પામીને શ્રી સત્યનારાયણ ભગવાન કલાવતી અને તેની માતાની પ્રાર્થનાથી દ્રવી ઊઠ્યાં અને એ જ રાત્રે ચંદ્રકેતુ રાજાને સ્વપ્નમાં કહ્યું : 'હે રાજન ! તેં ચોરીના આરોપમાં જેલમાં પુરેલ બંને વાણિયાને સવાર થતાં સુધીમાં તું છોડી મૂકજે !'

truedeal.me





truedeal.me



દેયં ધનં ચ તત્સર્વં ગૃહીતં યત્ત્વયાધુના ।
નોચેત્ ત્વાંનાશયિષ્યામિ સરાજ્યધનપુત્રકમ્ ॥૪૨॥

'હે રાજન ! એ સાધુ વાણિયાનું જે ધન તેં લઈ લીધું છે તે સઘળું તેને પાછું આપી દેજે. જો તેં મારો આદેશ ના માન્યો તો હું તારું રાજ્ય, ધન તથા પુત્રોની સાથે તારો પણ નાશ કરીશ !'

એવમાભાષ્ય રાજાનં ધ્યાનગમ્યોઽભવત્પ્રભુઃ ।
તતઃ પ્રભાતસમયે રાજા ચ સ્વજનૈઃ સહ ॥૪૩॥

રાજાને આ રીતે સ્વપ્નમાં જણાવીને શ્રી સત્યનારાયણ ભગવાન અદૃશ્ય થઈ ગયા. સવાર પડતાં જ રાજાએ સભામાં પોતાને આવેલ સપનાંની સૌ કોઈને વાત જણાવી.

ઉપવિશ્ય સભામધ્યે પ્રાહ સ્વપ્નનં જનં પ્રતિ ।
બદ્ધૌ મહાજનૌ શીઘ્રં મોચય દ્વૌ વણિક્સુતૌ ॥૪૪॥

અને સભામાંથી રાજાએ પોતાના સિપાઈઓને આજ્ઞા કરી કે, કેદમાં પુરેલા બંને વાણિયાઓને તરત જ છોડી લાવો !'

ઈતિ રાજ્ઞો વચઃ શ્રુત્વા મોચયિત્વા મહાજનૌ ।
સમાનીય નૃપસ્યાગ્રે પ્રાહુસ્તે વિનયાન્વિતાઃ ॥૪૫॥

રાજાની આજ્ઞા થતાં જ સિપાઈઓ કેદખાનામાં તરફ દોડી ગયા અને બંને વાણિયાઓને કેદમાંથી મુક્ત કરીને માનભેર રાજા પાસે લાવીને વિનય સહિત જણાવ્યું :

આનીતૌ દ્વૌ વણિકપુત્રૌ મુક્તૈનિગડબંધનાત્ ।
તતૌ મહાજનૌ નત્વા ચંદ્રકેતુંનૃપોત્તમમ્ ॥૪૬॥

'હે મહારાજ ! આ બંને વાણિયાઓને કેદખાનામાંથી બંધનમુક્ત કરીને તમારી પાસે લાવ્યા છીએ.' બંધનમાંથી મુક્ત થઈને બંને વાણિયાએ ચંદ્રકેતુ રાજાને આદરથી નમસ્કાર કર્યા.

સ્મરંતો પૂર્વ વૃતાંત નોચતુર્ભયવિહ્વલૌ ।
રાજા વણિકસુતૌ વીક્ષ્ય વચઃ પ્રોવાચ સાદરમ્ ॥૪૭॥

પરંતુ પહેલા પોતાના પર બની ગયેલ બનાવને યાદ કરીને ભયથી વ્યાકુળ બની તેઓ રાજા પાસે કંઈ બોલી શક્યા નહિ. વાણિયાઓને જોઈને રાજાએ માનભેર આ રીતે કહ્યું.

truedeal.me



દૈવાત્પ્રાપ્તં મહદ્દુઃખમિદાનીં નાસ્તિ વૈ ભયમ્ ।
તદા નિગડસંત્યાગં ક્ષૌરકર્માદ્યકારયત્ ॥૪૮॥

આ બંને વાણિયાઓને આજ સુધી કોઈ દૈવયોગ અને એમના કર્મની કઠણાઈઓને લીધે બહુ દુઃખ ભોગવવું પડ્યું હતું. પણ હવે કોઈ જ ભય નથી.' આમ કહીને રાજાએ બંનેને બંધનમાંથી મુક્ત કર્યા. અને હજામ પાસે વાળ કપાવડાવી, નવરાવી ધોવરાવીને નવાં વસ્ત્રો પહેરવાને આપ્યા.

વસ્ત્રાલંકારકં દત્ત્વા પરિતોષ્ય નૃપશ્ચ તૌ ।
પુરસ્કૃત્ય વણિકપુત્રૌ વચસાસ્તોષયદ્ ભૃશમ્ ॥૪૯॥

આવી રીતે સ્નાન કરાવી, જર-ઝવેરાત પહેરાવીને બન્નેને તૈયાર કર્યા. બન્નેને સભાની વચ્ચે બેસાડીને મધુર વચનો બોલીને તેમને ઘણા જ ખુશ કર્યા.

પુરાનીતં તુ તદ્ દ્રવ્યં દ્વિગુણીકૃત્ય દત્તવાન્ ।
પ્રોવાચતા તતો રાજા ગચ્છ સાધો ! નિજાલયમ્ ॥૫૦॥

ત્યાર બાદ રાજાએ એમનું જે ધન આંચકી લીધું હતું તે બમણું કરીને સાધુ વાણિયાને પાછું આપ્યું અને ચંદ્રકેતુ રાજાએ આદર સાથે કહ્યું કે, 'હવે તમે તમારે ગામ જાવ. ઘરના બધા ચિંતા કરી રહ્યા હશે !'

રાજાનં પ્રણિપત્યાહ ગંતવ્યં ત્વત્પ્રસાદતઃ ॥૫૧॥

રાજાની આવી વાત સાંભળીને સાધુ વાણિયો તથા તેનો જમાઈ ઘણાં જ ખુશ થયા અને તેઓ બંને રાજાને નમસ્કાર કરીને બોલ્યા કે, 'આપની કૃપાથી હવે અમે અમારે ગામ જઈશું.'

ઈતિ શ્રી સ્કંદપુરાણે રેવાખંડે શ્રી સત્યનારાયણવ્રત કથાયાં તૃતિયોધ્યાયઃ સંપૂર્ણ.

# અધ્યાય ૪ થો

## સાધુ વાણિયાની કથા-ચાલુ

**સૂત ઉવાચ**

યાત્રાં તુ કૃત્વાન્સાધુર્મંગલાચાર પૂર્વિકામ્ ।
બ્રાહ્મણેભ્યો ધનં દત્ત્વા તદા તુ નગરં યયૌ ॥૧॥

સૂતજી કહે છે કે કેદખાનાની યાતનામાંથી છૂટ્યા પછી રાજાની આજ્ઞા થતાં સાધુ વાણિયાએ પોતાના ગામ તરફ જવાની મંગળયાત્રા શરૂ કરી. રાજાએ આપેલ ધનમાંથી બ્રાહ્મણોને દાન કરીને સાધુ વાણિયો પોતાના નગર તરફ જવા

truedeal.me



નીકળ્યો.

કિયદ્દ દૂરે ગતે સાધૌ સત્યનારાયણઃ પ્રભુઃ ।
જિજ્ઞાસાંકૃતવાન્સાધો ! કિમસ્તિ તવનૌસ્થિતમ્ ॥૨॥

સાધુ વાણિયાનું વહાણ દરિયામાં ઘણે જ દૂર ચાલ્યું ગયું. રસ્તામાં એક જગ્યાએ આરામ કરવા માટે તેણે પોતાનું વહાણ કિનારે લાંગર્યું. આ જોઈને સત્યનારાયણ દેવને એની પરીક્ષા કરવાનું મન થયું કે લાવને વાણિયાને જઈને પૂછું કે, 'તારા વહાણમાં શું ભર્યું છે !'

તતો મહાજનૌ મત્તૌ હેલયા ચ પ્રહસ્ય વૈ ।
કથં પૃચ્છસિ ભો દંડિન્ ! મુદ્રાનેતુંકિમિચ્છસિ ? ॥૩॥

સત્યનારાયણ ભગવાનને સાધુ વાણિયાની પરીક્ષા લેવાની ઈચ્છા થતાં તેઓ સાધુનું રૂપ લઈને જ્યાં વાણિયાઓનું વહાણ લાંગર્યું હતું ત્યાં આવ્યા અને બંને વાણિયાઓને પૂછ્યું : 'તમારા વહાણમાં શું ભર્યું છે ?' મહારાજનો આવો સવાલ સાંભળીને ધનના મદમાં ભાન ભૂલેલા બંને વાણિયાઓ સાધુ મહારાજની મશ્કરી કરતાં કહેવા લાગ્યા : 'હે સંન્યાસી બાબા ! આપ અમારા રૂપિયા લઈ લેવા માંગો છો ?'

લતાપત્રાદિકં ચૈવ વર્તતે તરણૌ મમ ।
